Registration of News Paper No. GUJGUJ14363/06/1/2012-TC - Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/-
1st of Every Month - Langauge : GUJARATI

# સહજ-સત્સંગ

Year : 1 Issue : 2 Dt. 1-3-2013 Page - 52 માસિક

SAHAJ SATSANG (MONTHLY) Editor : MANSINH K. CHAVDA, Publisher : KAMLESH C. MANDAVIA, Printer : LALIT H. UPADHYAYA Owner : MA SRI ARVIND SADHANA TRUST, Place of Publication : SAHAJ SATSANG KARYALAYA "ARPAN" 259, VRUNDAVAN. OPP. NYARI FILTER PLANT, KALAWAD ROAD, RAJKOT - 360 005. GUJARAT. Printed At LA MERE PRINTERY "ARPAN" 259, VRUNDAVAN, OPP. NYARI FILTAR PLANT, KALAWAD ROAD, RAJKOT - 360 005 GUJARAT




## ઘુશ્મેશ્વરમ્

(વરૂલ, દૌલતાબાદ પાસે, આંધ્રપ્રદેશ)



# મા મીરાંબિકા

Supreme Lord, teach us to be silent
So that in silence we may receive
Thy force and understand Thy will.

- The Mother

## પ્રભુ ઈચ્છા જાણવાની રીત

ભાવાનુવાદ

પરમ-પ્રભુ, શીખવ અમને, નીરવ કરવું ચિત્તને,
અભીપ્સાને જોરે તે, ઊર્ધ્વમાં એકાગ્ર બને.
તે નિર્વાત ચિત્ત-પટલે, તારી શક્તિ રેખાંકન કરે,
તારી ઈચ્છા સાકાર કરી, તેની સાચી સમજણ બને.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૬ સપ્ટેમ્બર ૧૯૧૪- પૃ.૧૭૯)



આપણી કૂચ તો એક વધુ ને વધુ ઉચ્ચ ચેતના પ્રત્યે, પૂર્ણને પૂર્ણ ચેતના પ્રત્યે દિનરાત થતી રહે, અટક્યે વિના થંભ્યે..... ગઈકાલનો વિજય તે આવતી કાલના વિજય માટેનું એક પગથિયું જ બની રહો.

તારી સાથે પૂર્ણ પ્રેમમાં જ જે એકરૂપ થઈ શકે છે તેની ગતિ તો વિશાળ ને વિશાળ ક્ષિતિજો ભણી થતી રહે છે..... તે તો પૂર્ણથી પૂર્ણ સાક્ષાત્કાર પ્રતિ વધતો જાય છે.

અજ્ઞાનનાં અદ્‌ભુત રહસ્યો તે જીતતો જાય છે અને તેમને પ્રગટતો જાય છે, પૂર્ણને પૂર્ણ રૂપે.

હે દિવ્ય-વિજેત્રી, સારીએ પૃથ્વી તારું સ્તવન કરે છે. જગતની સારીયે શક્તિઓ તારી આજ્ઞા શિરે ચડાવશે.

કારણ પ્રભુએ કહ્યું છે 'એ પળ આવી છે' અને વિઘ્ન માત્ર સર થઈ જશે.

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (અંતિમ વિજયની પળ) | ૩ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૪ |
| **દિવ્યજીવન** (ઉત્ક્રાંતિનું ચાલક બળ) | ૭ |
| **માતૃવાણી** (માંદગી અને સ્વાસ્થ્ય) | ૧૦ |
| **સાવિત્રી** (સિદ્ધ આત્માઓનું દિવ્ય-કાર્ય)) | ૧૩ |
| **યોગ વિષે પત્રો** (યોગશક્તિનું કાર્ય) | ૧૭ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (પૂર્ણયોગમાં મસ્તક ઉપરની ચેતનામાં આરોહણ) | ૨૦ |
| **ઉપનિષદો** (પ્રભુ અને જગતની એકરૂપતા) | ૨૩ |
| **યોગ પર દીપ્તિઓ** (ચેતન તત્ત્વ) | ૨૫ |
| **વેદ-રહસ્ય** (અશ્વિનીકુમાર સૂક્તો) | ૨૮ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (માંદગી કેવી રીતે નિવારશો ?) | ૩૨ |
| **સાંજના વાર્તાલાપો** (લાગણી અને ઊર્મિ વચ્ચેનો તફાવત) | ૩૫ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (સમર્પણ અને પ્રયત્ન) | ૩૭ |
| **આત્મસિદ્ધિ** (દિવ્યપ્રેમ અને તેની કાર્ય પદ્ધતિ) | ૩૯ |
| **જાતકથાઓ** (ઉપકારનો બદલો) | ૪૨ |
| **વેદવિજ્ઞાન** (ઇન્દ્ર : પ્રકાશમય મન) | ૪૩ |
| **પ્રાસંગિક** (સહજ સુન્દરમ્) | ૪૬ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
**અંક : ૨ વર્ષ : ૧**
**માર્ચ - ૨૦૧૩**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા** મો.૯૮૨૪૩૭૩૯૨૯
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ-૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**

# અંતિમ વિજયની પળ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

સાધનામાં દરેક તબક્કે વિવિધ અનુભૂતિઓ આવતી હોય છે. જ્યારે તે આવે છે ત્યારે અતિશય ભવ્ય, પ્રકાશમય, નૂતનજ્ઞાન આપનાર, નવી દૃષ્ટિ આપનાર હોય છે. કારણ તે વખતે તમે નવી જ ચેતનાના તબક્કામાં પ્રવેશતા હો છો અને તેની નવિનતા તમને અદ્‌ભૂત લાગે છે.

પણ આ કાંઈ અંતિમ તબક્કો હોતો નથી, પણ વચગાળાનો હોય છે. તેનું સત્ય પચાવીને પોતાના જીવનનો અવિભાજ્ય ભાગ બનાવીને તમારે આગળ વધવાનું હોય છે. તે અનુભૂતિમાં અટવાવાનું હોતું નથી. પ્રભુ અનંત છે, તેથી તેમની ચેતનાનાં પ્રવેશમાં પણ અનંતતા આવે છે. તમારી આજની પ્રગતિ આવતી કાલના પ્રગતિનો પાયો માત્ર પૂરો પાડે છે.

પ્રભુ સાથે એકરૂપતા અનુભવવી એ જ તેમની ઉપર પ્રેમ કરવા જેવું છે. પરમ પ્રેમ એટલે જ પરમ-અદ્વૈતતા.

તમે પ્રભુ સાથે એકરૂપ થઈ જાઓ અને પોતાની પ્રગતિનું સુકાન પ્રભુને સોંપી દો છો ત્યારે તમારી પ્રગતિને કોઈ મર્યાદા રહેતી નથી. તે પ્રભુની વધુ ને વધુ પૂર્ણતા પ્રગટ કરતો જાય છે.

શ્રી માતાજીને ત્યારે જગન્માતાનો ભાવ જાગે છે. તેઓ પોતામાં તેમની હાજરી અનુભવતા જગન્માતાને વિનંતિ કરે છે કે ''હે માતા, તમે તો સદા વિજયી રહ્યા છો હવે પૃથ્વી પણ તમને સહકાર આપી તમારા વિજયમાં શામેલ થવા ઈચ્છે છે.''

એ વખતે પ્રભુનો અવાજ સંભળાયો, ''હા હવે અંતિમ વિજયની ઘડીઓ ગણાઈ રહી છે, પાર્થિવ જગત ઉપરનો અંતિમ વિજયની પળ આવી પહોંચી છે.''

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

શ્રી માતાજીની દૈવી-સહાયથી વ્યક્તિ પોતાની નિમ્ન-પ્રકૃતિની પકડમાંથી પણ ઝડપથી મુક્ત થઈને આત્માના પ્રદેશમાં સ્થાયી બની શકતી હતી. વર્ષોની મથામણ અને તપશ્ચર્યાથી જે શક્ય ન થઈ શકે તેવું શ્રી માતાજીના દર્શન માત્રથી શક્ય બની જતું. દુઃખથી ભાંગેલા, જીવનથી થાકેલા અને હતાશ થઈ ગયેલા અસંખ્ય લોકો શ્રી માતાજી પાસે આવતાં. એમનાં થોડી ક્ષણોનાં દર્શનથી એમની સમગ્ર ચેતના જ બદલાઈ જતી. જ્યારે તેઓ પાછા ફરતા ત્યારે તેઓ આનંદમગ્ન બની જતા અને ત્યારે તેમને જગત ખૂબ સુંદર, આનંદપૂર્ણ અને જીવવા જેવું લાગતું. શ્રી માતાજીનાં ક્ષણોનાં દર્શનમાં એવું તે શું બનતું કે બધું જ બદલાઈ જતું ? એક સાધકે શ્રી માતાજીને આ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો હતો. તેના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે '' કેટલાક લોકો મારી પાસે દુઃખથી પારાવાર હતાશ બનીને આંસુ સારતા આવે છે, અને તેમને એ સ્થિતિમાં જોતાં હું મારી ચેતનામાંની સોયને થોડીક આઘીપાછી કરી લઉં છું. અને એ લોકો મારી પાસેથી જ્યારે પાછા ફરે છે ત્યારે અનુભવે છે કે તેમને એક પૂર્ણ આશ્વાસન મળી ગયું હોય છે.'' શ્રી માતાજી કેવી અદ્‌ભુત પ્રક્રિયા કરીને લોકોને પોતાના દિવ્ય-આનંદમાં મૂકી દેતાં હતાં. એની એમની પાસે આવનાર લોકોને બિલકુલ ખબર પડતી નહીં. તેઓ તો ફક્ત પોતાની બદલાયેલી સ્થિતિ અને અપાર આનંદનો અનુભવ કરતા રહેતા. પણ આ આધ્યાત્મિક-માતાની ચેતના એટલી તો વિશાળ અને વ્યાપક હતી કે એ ચેતનામાં એમણે પોતાની સમીપ આવનાર સર્વને સમાવી લીધાં હતાં અને પોતાની ચેતનામાં સહેજ પરિવર્તન લાવીને તેઓ આવનાર વ્યક્તિની સામાન્ય ચેતનાને ઊર્ધ્વમાં મૂકી દેતાં, અને ચેતનાનો સ્તર જ સમૂળગો બદલાઈ જતાં પછી વ્યક્તિને એની એ પરિસ્થિતિ કે એનાં દુઃખો હોવા છતાં એ

દુઃખ દુઃખ જણાતાં નહીં. એ દુઃખ એને અસર પણ કરી શકતાં નહીં. આ રીતે આ દિવ્ય-માએ પોતાની સમીપ આવનાર સર્વને પુષ્પો અને સ્થૂલ ભેટોની સાથે સાથે ઊર્ધ્વ-ચેતનામાં આરોહણ કરાવીને તેમના જીવનને પ્રભુના રસ્તે મૂકી આપવાનું અભૂતપૂર્વ કાર્ય કર્યું છે. એટલું જ નહીં પણ શ્રી માતાજી પોતાની પાસે આવનાર મનુષ્યોની ચેતનામાં રહેલા નિમ્ન-પ્રકૃતિનાં હઠીલાં તત્ત્વોને દૂર કરીને એમની ચેતનામાં સૂક્ષ્મ રીતે જે પરિવર્તન કરવાનું હોય તે કરી દેતાં. જો વ્યક્તિ સભાન હોય તો પછી તેનાં જીવનમાં અમૂલ્ય પરિવર્તન આવી જતું અને તેની સાધના ખૂબ જ ઝડપી બની જતી. આમ, દિવ્યમાતા આંગળી પકડીને પોતાનાં બાળકોને ચેતનામાં ઊર્ધ્વ-પ્રદેશોમાં લઇ જતાં હતાં. એટલું જ નહીં પણ સર્વ પ્રકારનાં જોખમો, ભયોમાંથી સહીસલામત રીતે ઉગારી લેતાં હતાં.

આ ઉપરાંત શ્રી માતાજી પોતાનાં બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય કંડારી આપતાં હતાં. જે ભવિષ્યની માનવમને કલ્પના પણ ન કરી હોય એવું તેજોમય ભવિષ્ય આ દિવ્યમાતા સર્જી આપતાં હતાં. તેમણે આ સંદર્ભમાં એક સાધકને કહ્યું હતું : ''તમે તમારા પોતાના વિષે જે જાણતા હો અને હું તમારા વિષે જે જાણતી હોઉં એ બે વસ્તુ વચ્ચે ઘણો મોટો તફાવત છે. હું તમારા વિષે જે જાણતી હોઉં છું, એ તમારે જે બનનવાનું છે, એ વિષે મેં મારી આગળ એક ચિત્ર તૈયાર કરેલું હોય છે, અને એ ચિત્ર તે તમારું પોતાનું સાચું સ્વરૂપ છે. તમે એ ચિત્ર પ્રમાણે બનો એ માટે હું મારી ચેતનાની તમામ શક્તિ વાપરીને એ સ્થિતિને ટકાવી રાખું છું.'' મનુષ્ય વર્તમાનમાં જે છે નહીં પણ તેના ભવિષ્યના સાચા સ્વરૂપનું દર્શન કરી, એ પ્રમાણે તે બને, એ માટે તેનું ભાવિ રૂપ પોતાની ચેતનામાં ધારણ કરીને, તેને ટકાવી રાખી આ દિવ્યમાતાએ પોતાનાં અસંખ્ય બાળકોના તેજોમય ભાવિનું નિર્માણ કરી તેમને તેમના સાચા સ્વરૂપમાં મૂકી આપ્યાં છે.

ફક્ત પોતાની સમીપ રહેનારાં બાળકો પૂરતું જ એમનું આધ્યાત્મિક માતૃત્વ સીમિત નહોતું. આ આધ્યાત્મિક માતૃત્વ તો સમગ્ર પૃથ્વીની ચેતનાને આવરી વ્યાપેલું હતું. ભૌતિક રીતે શ્રી માતાજી દૂર દૂર રહેલાં એમનાં બાળકો, સાધકો

અરે કોઈ પણ સામાન્ય મનુષ્ય તેમને અંતરથી પોકારતાં કે સહાય માટે પ્રાર્થના કરતાં તો શ્રી માતાજીની સહાય એમને અવશ્ય મળી જતી. ઘણી વખત શ્રી માતાજી કામ કરતાં કરતાં કે સાધકો સાથે વાતચીત કરતાં કરતાં ગંભીર બની જતાં. આથી કોઈ સાધકે પૂછ્યું કે ''માતાજી, ઘણી વખત આપ અચાનક ગંભીર બની જાઓ છો તો એનું શું કારણ છે?'' ત્યારે એમણે કહ્યું કે; ''એ વખતે મારી પાસે કોઈ પુકાર આવ્યો હોય છે, અને હું એના ઉપર કાર્ય કરતી હોઉં છું.'' શ્રી માતાજીની ચેતના કંઈ સ્થળ અને કાળમાં પુરાયેલી મર્યાદિત ચેતના નથી. એ ચેતના તો સર્વ સ્થળે, સર્વ સમયે, સર્વત્ર હાજર છે, વ્યાપક છે. પરંતુ એના સંપર્કમાં આવવા માટે વ્યક્તિએ તેને પોકાર કરવો જોઈએ. પોકારને પરિણામે શ્રી માતાજીની ચેતના વ્યક્તિની અંદર કાર્ય કરવા લાગે છે અને તે વ્યક્તિને સહાય અને શક્તિ મળી જાય છે. જીવનની વિટંબણાઓમાં ઝઝૂમવાનું બળ મળી જાય છે.

શ્રી માતાજીને આશ્રમના એક બાળકે પ્રશ્ન પૂછ્યો હતો કે ''તમે અમારાં જેવાં બનીને કેમ આવ્યાં? તમે જે સ્વરૂપે છો, એ સ્વરૂપે કેમ ન આવ્યાં?'' તેના ઉત્તરમાં શ્રી માતાજીએ કહ્યું હતું કે ''જો હું તમારા જેવી બનીને ન આવી હોત તો હું તમારી નિકટમાં ન આવી શકત. અને તમને હું એ ન કહી શકત કે હું જે છું તે તમે બની જાઓ.'' આમ, આ દિવ્યમાતા મનુષ્યોને પોતાના જેવા દિવ્ય બનાવવા માટે મનુષ્ય જેવાં બનીને આવ્યાં. પોતાનું દિવ્ય-સ્વરૂપ ઢાંકીને આવ્યાં. માનવોની વચ્ચે વસ્યાં અને તેમનામાંના એક બનીને રહ્યાં. માનવ-પ્રકૃતિના ગુણધર્મો સ્વીકાર્યા અને એ પ્રકૃતિને દિવ્યતામાં ઢાળવાનો માર્ગ કંડાર્યો. આ વિષે શ્રી અરવિન્દે કહ્યું હતું : ''શ્રી માતાજી આપણી વચ્ચે અંધકાર અને અસત્ય, સ્ખલન અને મૃત્યુમાં આપણા પ્રત્યેના ગહન પ્રેમને લઈને જ ઊતરી આવ્યાં છે. પરમાત્મા આ જગતમાં સાધનાનો પથ બતાવવા માટે માનવતાનો બુરખો ધારણ કરે છે, એટલે કંઈ દિવ્ય મટી જતાં નથી.'' મનુષ્યોને દિવ્ય બનાવવા માટે, શ્રી માતાજી પૃથ્વી ઉપર આવ્યાં અને પોતે સાધના કરી, નવા દિવ્ય-જગતની ભૂમિકા રચી આપી.

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

## ઉત્ક્રાંતિનું ચાલક બળ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

આ વાસ્તવિકતાને લીધે માનવમાં જન્મજાત રહેલું અમરતાનું, આનંદનું, પ્રકાશનું, અથવા પરમ પ્રભુનું આકર્ષણ સમજી શકાય એમ છે કારણ તે અજાણતાં જ પોતામાં ગુપ્ત રહેલી આ ચેતનાની ઊર્ધ્વ-અવસ્થાઓથી અર્ધ સભાન છે અને તેથી જ તે તેની અભીપ્સા સ્વરૂપે પ્રકટ થઈ રહી છે.

ઉત્ક્રાંતિ શા માટે આગળ વધી રહી છે અથવા તેનું પ્રેરણા-બળ શું છે તે પણ આથી સ્પષ્ટ થશે. માનવી-સ્વરૂપમાં રહેલી ચેતનાની આ બીજસ્વરૂપ અવસ્થાઓ જ તેને ઉત્ક્રાંત થવા અર્થાત્ તે ઊર્ધ્વ-ચેતનાઓને પ્રકટ કરવા ધકેલી રહી છે અને તે જ ઉત્ક્રાંતિ સ્વરૂપે ભૌતિક-સ્તરે પ્રકટ થઈ રહ્યું છે. ઉત્ક્રાંતિનો ઉગમ અને પ્રેરણા આ રીતે પરમ-ચેતનામાંથી થયેલ છે એ નિશ્ચિત. જડ તત્ત્વ જેમ પ્રાણી નિર્માણ કરવાની પ્રયોગશાળા છે. પ્રાણી જેમ માનવ નિર્માણ કરવાની એક જીવંત પ્રયોગશાળા હતી તેમ માનવ પણ મહામાનવ કે અતિમાનવને નિર્માણકરવાની એક જીવંત પ્રયોગશાળા જ છે. માનવ પોતે અતિક્રમવાનો પ્રયત્ન કરી રહ્યો છે. એ એક વાસ્તવિકતા છે.

ઉત્ક્રાંતિ આ પરમ-ચેતનાનો સર્વાંગપૂર્ણ અને કાયમી આવિર્ભાવ કરવા મથી રહી છે એમ કહેવું વધારે યોગ્ય થશે. ભૌતિકવાદીઓ અને બૌદ્ધિકો આ આંતરપ્રેરણાને એક ભ્રમ તરીકે ખપાવવા પ્રયત્ન કરે છે. પણ તેથી જ્યારે જ્યારે પણ માનવે પોતાને ફક્ત ભૌતિક-જીવનમાં જ રચ્યાંપચ્યાં રહેવાનો પ્રયત્ન કરેલ છે ત્યારે જીવનથી અત્યંત અસંતુષ્ટ થઈને એક તીવ્ર પ્રત્યાઘાત તરીકે તે અધ્યાત્મ તરફ વળ્યો છે. આનો ઈતિહાસ સાક્ષી છે.

અધ્યાત્મ એટલે પોતાની ચેતના બાબતનું વાસ્તવિક જ્ઞાન. ‘‘આત્મ’’

એટલે ચેતના અને ''અધિ'' એટલે તેને લગતું જ્ઞાન. આ જ શુદ્ધ અધ્યાત્મ છે. અંધશ્રદ્ધાઓ, ગૂઢ માન્યતાઓ આ અધ્યાત્મને સમજવાના અધૂરા અને અપૂર્ણ પ્રયત્નો માત્ર છે. આપણે આ વૈશ્વિક-ઉત્ક્રાંતિની પ્રક્રિયાને બૌદ્ધિક રીતે સમજવાની તો છે જ પણ આ માનવના આંતરિક સત્યોને આપણી આંતર-પ્રેરણાઓથી પણ અનુભવીને તેમનું શુદ્ધ, બૌદ્ધિક સ્પષ્ટીકરણ મેળવવાનું છે. અંધવિશ્વાસ અને અંધશ્રદ્ધાનાં બાવાજાળાં સાફ કરતાં કરતાં ઉત્ક્રાંતિની આ વૈશ્વિક-પ્રક્રિયાને ચેતનાના આવિર્ભાવના વિકસિત થતા તબક્કા તરીકે અનુભવવાનાં છે. વેદો આવી અવસ્થાને 'ઋતંભરા પ્રજ્ઞા' તરીકે વર્ણવે છે. ઋત્ એટલે 'બીજસ્વરૂપે રહેલું સત્ય'. હજી અપ્રકટ સત્યોનો અણસાર ઝીલી તેને સમજીને ધારણ કરનારી બુદ્ધિ એટલે પ્રજ્ઞા પણ બુદ્ધિ અને પ્રજ્ઞામાં એક તફાવત છે. બુદ્ધિ એ માનવને જાણવાનું એક સાધન છે. પણ પ્રજ્ઞા તો માનવને આ પ્રકારે નિસર્ગે આપેલા બધાં જ સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ કરનારી અને બધાં જ સાધનોમાં સમન્વય સાધનારી માનવની અંદર રહેલી એક આંતરિક પ્રકાશમય ચેતનાની અવસ્થા છે. પ્રકર્ષેણ જ્ઞાયતે ઈતિ પ્રજ્ઞા. જે સર્વાંગપૂર્ણ રીતે જાણે છે તે પ્રજ્ઞા. નિસર્ગે આપણને જાણવાનાં અનેક સાધનો આપેલાં છે, જેમાં બાહ્ય જ્ઞાનેન્દ્રિય, આંતર જ્ઞાનેન્દ્રિયો, મન, બુદ્ધિ, હૃદય, આંતરપ્રેરણા અને ચૈતસિક પ્રત્યક્ષ જ્ઞાન જેવાં એકથી એક સૂક્ષ્મ અને વિશાલ સાધનો છે. આ બધાંનો ઉપયોગ પ્રજ્ઞા કરતી હોય છે.

પરમ-ચેતનાનાં સર્વ સ્તરોને સમન્વયાત્મક રીતે ભૌતિક-સ્તરે પ્રકટ કરતું જીવન એ જ દિવ્ય-જીવન છે. આવા દિવ્ય જીવનને સાકાર કરવા જ માનવનો જન્મ થયેલ છે. કારણ આ દિવ્ય જીવન મારફત જ પરમ ચેતના પોતાને સર્વાંગપૂર્ણ રીતે પ્રકટ કરવા સમર્થ બને છે અને ત્યારે જ પરમ-ચેતનાનો આદિ-સંકલ્પ સિદ્ધ થાય છે. પરમ પ્રભુનો સંકલ્પ છે- 'એકોહમ્ બહુસ્યામ્'. હું એક છું. અનંતરૂપે પ્રકટ થાઉં. પરમ-ચેતના નિરાકાર સ્વરૂપે, બીજ સ્વરૂપે એક રસ છે. ચિદ્ ઘન છે. તેને ભૌતિક-સ્તરે અનંત સ્વરૂપે પ્રકટ થવું છે અને તે અનંત સ્વરૂપો પણ પરમ-ચેતનાના કોઈ એક ખાસ પાસાને સર્વાંગપૂર્ણ રીતે પ્રકટ કરતાં થવાનાં છે. પ્રભુ પોતાની આંતરિક સમૃદ્ધિને, આંતરવૈભવને ભૌતિક સ્તરે વાસ્તવિક કરવા માંગે છે. આ તેનો સંકલ્પ જ ઉત્ક્રાંતિ રૂપે પ્રકટ થઈ રહ્યો છે. માનવે તે સંકલ્પને સમજીને

તેને સહકાર આપવાનો છે, જેથી તે પરમ પ્રભુનું એક હાલમાં બીજસ્વરૂપે રહેલ સ્વરૂપને ભૂમિ ઉપર વાસ્તવિક કરી શકે.

ઉત્ક્રાંતિને આગળ ધપાવવા જે શક્તિ કામે લાગી છે તે પોતે પ્રકાશમય છે. પ્રકાશસ્વરૂપ છે. તે જ્યારે ઉત્ક્રાંતિના કોઈ નવા તબક્કા દ્વારા પ્રકટ થાય છે ત્યારે વેદો તેને ઉષા કહે છે. ઉષા ભૂતકાળની બધી ઉષાઓનું સારતત્ત્વ ધારણ કરે છે અને ભાવિની ઉષાઓને વહેલી ઉગવા માટે અનુકૂળ વાતાવરણ અને પૂર્વભૂમિકા સર્જી આપે છે તેથી જ 'કુત્સ આંગિરસ' ઋગ્વેદમાં જણાવે છે કે What is her (Usha's) scope when she harmonises with the downs that shown out before and those that now must shine ? She desires the ancient mornings and fills their light; projecting forwards her illumination. She enters into communion with the rest that are to come.

ઉત્ક્રાંતિની ગંગોત્રી સ્વરૂપ પરમ-ચેતનાના આદિ-સંકલ્પને સક્રિય થવાની પ્રાર્થના કરતાં વામદેવ ઋગ્વેદમાં પ્રાર્થના કરે છે કે :

That which is immortal in the mortals and possessed of the truth, is a god and established inwardly as an energy working out in our diven powers..... Become high - uplifted, O strength, pierce all veils, manifest in us the things of the Godhead.

પરમ-ચેતનાના આદિસંકલ્પે જ આપણી દરેકની અંદર પરમ-ચેતનાનો જ એક અંશ સ્થાપિત કરેલ છે. તે અંશે આપણામાંની દૈવી પ્રકૃતિના ઘટકોનો ઉપયોગ કરીને આપણા હૃદયમાં ચૈત્યપુરુષ તરીકે આકાર ધારણ કરેલ છે. તે ચૈત્યપુરુષ જ આપણી ઉત્ક્રાંતિનું ચાલક બળ છે. જે આપણી અશુદ્ધ પ્રકૃતિને ઉજાગર કરતો કરતો, બધાં જ આવરણોનો નાશ કરતો કરતો આપણામાંના પરમ પ્રભુ તરીકે ભૌતિક-સ્તરે વાસ્તવિક બનવાનો છે. આ પ્રક્રિયા જલદી બને તેવી વામદેવની અભીપ્સા છે. આ રીતે માનવમાં રહેલી આ અભીપ્સા છે.

આ રીતે માનવમાં રહેલી આ અભીપ્સા ઉત્ક્રાંતિનું ચાલક બળ બની રહે છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# માંદગી અને સ્વાસ્થ્ય

**(માતૃવાણી ભા.૧૫, પૃ. ૧૧૩-૧૩૭)**
**(ચર્ચાના મુદ્દા સંક્ષેપમાં)**

પ્રકરણ - ૨૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

### પ્રભુકૃપા દ્વારા સ્વાસ્થ્ય

૧ માંદગીમાં સપડાએલા વ્યક્તિની પ્રાર્થના : ''હે માતાજી, મને રોગમુક્ત કરો.''પૃ.૧૨૬

૨ જન્મજાત રોગો શરીરના પૂર્ણ રૂપાંતર વગર જતા નથી. પૃ.૧૨૭

૩ તેવા દાખલામાં 'ચમત્કાર', સંપૂર્ણ-સમર્પણ, કેવળ-સચ્ચાઇ અને પ્રભુકૃપામાં અડગ વિશ્વાસથી જ શક્ય બને છે. પૃ.૧૨૭

૪ પૂર્ણ ગ્રહણશીલતા સ્વાસ્થ્યના બળનો પૂરેપૂરો પરિણામ લઇ આવે છે. પૃ.૧૨૭

૫ પ્રભુકૃપાથી ગમે તે બની શકે છે. આપણું તાર્કિક મન જ મર્યાદાઓ બાંધે છે (એક શ્રદ્ધાળુના ગોઠણ ઉપર ગૂમડું હતું તેને કારણે દર્શન-દિવસે તે પોંડીચેરી જઇ શકે તેમ નહોતો. તેણે કરુણાભાવે પ્રાર્થના કરેલી. સવારે ગૂમડું ત્રણ ઈંચ નીચે ખસી ગએલું. તે શ્રદ્ધાળુ ચાલવા માંડ્યો અને દર્શને જઇ આવ્યો. ખસેલું ગૂમડું બે દિવસ પછી ફૂટ્યું - તેનો જવાબ)

૬ રોગ ઓછો થઇને પાછો વધી જાય છે તે તેની ગ્રહણશીલતાની મર્યાદાઓને કારણે. એકાગ્રતા કરવાથી ગ્રહણશીલતા વધે છે. પૃ.૧૨૮

૭ બીજાઓને સાજા કરનાર સાધક પોતાનો રોગ મટાડી શકતો નથી, કારણ પોતાની ઉપર તે પ્રયોગ કરવામાં અવઢવ અનુભવે છે. તેને સ્વાર્થી કાર્ય ગણે છે. બીજું, તેણે મોકલેલી શક્તિઓ અન્ય લોકો શ્રદ્ધાથી સ્વીકારી લે છે. તે પોતાની શક્તિઓને શ્રદ્ધાથી સ્વીકારી શકતો નથી. પૃ.૧૨૮

૮ માંદો માણસ જો માંદગીની રચનામાં સતત ભીતિથી વિચાર કરીને પ્રાણ પૂરે તો તે વ્યક્તિને સાજી કરવી શક્ય નથી. તેની માંદગીની મનોરચનાનો નાશ કરવો જરૂરી છે. પૃ.૧૨૮

**ડૉકટરો અને દવાઓ**

૧ સત્ય સંવાદમય અને આનંદમય છે. રોગ વિસંવાદી અને દુઃખમય છે, તેથી તે શરીરનું એક જૂઠાણું જ છે. ડૉકટરો આ જૂઠાણા સામે લડતા યોદ્ધા છે અને દવાઓ તેમના હથિયાર . પૃ.૧૨૮

૨ ખરેખર તો, શરીર પ્રભુની અસ્થાયી છાવણી નથી પણ તેનું પોતાનું નિજગૃહ છે. ત્યાં માંદગી રહેવી શક્ય જ નથી, છતાં રહે છે. કારણ જૂઠાણાનો સર્વનાશ હજી થએલો નથી. પૃ.૧૨૯

૩ પૂર્ણ ડૉકટર બનવા વિશાળ મન, ઉમદા હ્રદય, અડગ સંકલ્પ, શાંત નિશ્ચય, અખૂટ ધૈર્ય અને પૂર્ણ વિશ્વાસ જરૂરી છે. પૃ.૧૨૯

૪ માંદગી એ ખોટા વલણનો પરિણામ છે. ડૉકટરે તેને સાચું વલણ શીખવી પ્રભુકૃપા ઉપર વિશ્વાસ રાખતાં શીખવવું પડશે.પૃ.૧૨૯

૫ ડૉકટરી જ્ઞાન સાથે પ્રભુકૃપામાં શ્રદ્ધા ઉમેરો. તમારી સાજા કરવાની ક્ષમતા વધશે. પૃ.૧૨૯

૬ આધ્યાત્મિક-શક્તિ વિકસાવો. તે રોગીને પ્રભુના પ્રભાવ પ્રત્યે ગ્રહણશીલ અને ખુલ્લા થવામાં મદદરૂપ થશે. પૃ.૧૨૯

૭ સચ્ચાઇપૂર્વકની શુભ-નિષ્ઠા તમને યશસ્વી થવામાં મદદ કરશે. પૃ.૧૨૯

૮ દવાઓ બાહ્ય-ચેતનાને આત્મવિશ્વાસ જગાવવા જરૂરી છે. પૃ.૧૨૯

૯ વારંવાર ડૉકટર બદલવા એ વારંવાર ગુરુ બદલવા જેવું છે. તમારી તાસીર (પ્રકૃતિ) ઓળખે તે જ તમારો સાચો ડૉકટર હશે. પૃ.૧૩૦

૧૦ કાલીના સંરક્ષણ-બળ ઉપર એકાગ્ર થઈને વિશ્વાસથી દવા લો. પૃ.૧૩૧

૧૧ દવાની અસર કરતાં તેમના ઉપરનો વિશ્વાસ વધુ કાર્ય કરે છે. પૃ.૧૩૧

૧૨ દવાઓ દ્વારા દિવ્ય-બળે પણ કામ કરવું જરૂરી છે. પૃ.૧૩૧

૧૩ ઍલોપથી એક વસ્તુના ભોગે બીજી સુધારે છે. આયુર્વેદમાં આવી ખામી બહુ નથી હોતી. પૃ.૧૩૨

૧૪ પ્રકૃતિની શુદ્ધિ માટે દવાઓ સાથે કે વગર પણ શ્રદ્ધાથી આગળ વધો. પૃ.૧૩૨

૧૫ મેડિકલ-જ્ઞાન રોગ સામે સાચો પ્રતિકાર કરતા શીખવે છે તે મહત્ત્વનું છે. પૃ.૧૩૨

૧૬ કુદરત રોગમુક્તિની ક્ષમતા ધરાવે છે.પૃ.૧૩૩

૧૭ સૂર્યસ્નાન શક્તિ આપે પણ છે અને તે ટકાવવાની ક્ષમતા પણ આપે છે. પૃ.૧૩૩

૧૮ માંદા પડ્યા વગર પણ વિશુદ્ધિ શક્ય છે એ ધ્યાનમાં રાખો. પૃ.૧૩૪

**સામાન્ય**

૧ ચૈત્યપુરુષ ખોળિયું બદલવા ઈચ્છે પછી રોગમુક્તિનો કોઈ ઉપાય રહેતો નથી. પૃ.૧૩૫

૨ આત્માને પોતાની શાશ્વતીમાં વિશ્વાસ છે અને તે બાબત સભાન છે, તેથી તેને દેહપતનનું દુઃખ હોતું નથી. પણ એક સારા ખોળિયાના ત્યાગનો વિષાદ હોઈ શકે છે. પૃ.૧૩૫

૩ માનવશરીર એક નહેર છે, બંધ ઘડો નથી. તેમાંથી વૈશ્વિકશક્તિઓ પસાર થતી હોય છે. શક્તિઓ મેળવવી અને ખર્ચ કરવી બન્ને વચ્ચેનું સંતુલન માનવે સાચવતા શીખવું પડશે. આરોગ્ય માટે તે જરૂરી છે. પૃ.૧૩૬

૪ નાડીતંત્રની શિથિલતા, ઉશ્કેરાટ, સંઘર્ષો, ઝગડા, ચંચળતા, ઉગ્રતા તે સંતુલન બગાડી નાખે છે. પૃ.૧૩૬

૫ સત્ય અને સંવાદને સાદ પાડવો એ ઉત્તમ ઉપાય છે. તેને અવ્યવસ્થા અને અંધાધૂંધીના સ્થાને ગોઠવો. પૃ.૧૩૬

(અનુ.પૃ.૨૨ ઉપર)

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## સિદ્ધ આત્માઓનું દિવ્ય-કાર્ય

પ્રકરણ-૧૫

(Savitri B-1, C-4, P-54-55)

Above the world the world-creators stand.
In the phenomenon see its mystic source.
These heed not the deceiving outward play.
They turn not to the moment's busy tramp.
But listen with the still patience of the Unborn
For the slow footsteps of far Destiny
Approaching through huge distances of Time,
Unmarked by the eye that sees effect and cause,
Unheard mid the clamour of the human plane.

આ બ્રહ્માંડ તો એકથી એક શ્રેષ્ઠ લોકની ચડતી શ્રેણી છે. વિકસતા આ લોકના ખૂબ જ ઊર્ધ્વમાં આ આપણા જગતને વિકસાવવા મથતા જગતનાં નિર્માતાસ્વરૂપ અનેક દૈવી સત્ત્વો અને સિદ્ધ પુરુષો વસે છે. (creators) તેઓ પૃથ્વી ઉપર થતી આવી અનપેક્ષિત ઘટનાઓનું (Phenomenon) મૂળ ક્યાંક ગૂઢ-જગતમાં જોતા હોય છે. (mystic-source) તે ઘટનાઓનાં બાહ્ય સ્વરૂપ અને બાહ્ય પરિણામો (out ward play) તેઓ જરા પણ મચક આપતા નથી. (heed not) તેઓ હાલમાં થતાં તેના જલદ વિનાશક પરિણામોને પણ (moment's busy tramp) તેઓ બહુ મહત્ત્વ આપતા નથી, પરંતુ શાંત

ચિત્તથી જે હજી આ ધરાતલે વાસ્તવિક બન્યું નથી, જન્મ્યું નથી. (unborn) તેના આગમનનાં ભણકારા સમતા ધરીને સાંભળવામાં જ મશગૂલ રહે છે.

આ ભણકારા બધાંને જ સંભળાતા નથી, કારણ તે હજી ભાવિમાંથી ધીમે પગલે આવતી નિયતિને કાળનો લાંબો પંથ ધીમે ધીમે પ્રભુએ નિશ્ચિત કરેલા ક્રમે જ અને એ વેગે જ કાપવો પડે છે. માનવની ભૌતિક ચેતના જે કાર્ય અને કારણનો સંબંધ શોધીને જ સમજી શકે છે તેની દૃષ્ટિમાં તો તે વસ્તુનાં કોઈ ચિહ્નો દેખાતાં જ હોતાં નથી. માનવી-ચેતનાની કક્ષાએ મન, પ્રાણ અને શરીરે જે કાગારોળ કરી મૂકેલી હોય છે તેના શોરબકોરમાં (clamour of the human plane) આ સૂક્ષ્મ ઘટનાઓ સંભળાતી હોતી જ નથી.

Attentive to an unseen Truth they seize
A sound as of invisible augur wings.
Voices of an unplumbed significance.
Mutterings that brood in the core of Matter's sleep.
In the heart's profound audition they can catch
The murmurs lost by life's uncaring car,
A prophet-speech in thought's omniscient trance.

આંતરિક નીરવતામાં આ સિદ્ધયોગીઓ ઈન્દ્રિયાતીત (unseen) સત્યની ઝાંખી કરતા હોય છે. (seize) તે ઝાંખી અનાહત-ધ્વનિ સ્વરૂપની હોય છે. (ૐકારનાદ સ્વરૂપ હોય છે)-એ અદૃશ્ય પાંખ જેવો જે ભવિષ્યનું સૂચક છે (invisible augur wings) શંકરાચાર્ય આ નાદસ્વરૂપ બ્રહ્મના સાક્ષાત્કારને, નાદ-બ્રહ્મને,બ્રહ્મતત્ત્વના આગામી આવિર્ભાવ સ્વરૂપોનાં અગ્રદૂત તરીકે ગણે છે. (બ્રહ્મ અભિવ્યકિત કરાણિ યોગે-શંકરાચાર્ય) એવા એવા દસ પ્રકારના નાદ સંભળાય છે જેનું અર્થઘટન કરવું અશકય છે. (unplumbed significance) આમાંના ભમરાનો ગુંજારવ, મેઘાનો ગડગડાટ, કોકિલાનો ટહુકો, ઝરણાંની મરમર, મંદિરના ઘંટનો ઘંટારવ, પગમાનાં ઝંઝારનો ઝમકાટ, વેણુનો વેણુનાદ, તમરાંનો તિમિર-રાગ આ મહત્ત્વનાં છે. આ બધી જ ભવિષ્યવાણીઓ હોય છે. ભૌતિક-ચેતનાની જડતારૂપી તંદ્રામાં (Matter's

sleep) તે બધાં નિરર્થક અવાજો અને બડબડ જ (Mutterings) લાગે છે. પ્રશાંતિ ચિત્તમાં તે સિદ્ધયોગીઓ આ સૂચનોને સમજી શકે છે (profound audition) પણ તેની ગૂપસૂપ (murmurs) આપણા બધિર, નબળા કાન ઝીલી શકતા નથી. કારણ તેમને ભૌતિક જીવન સિવાય અન્ય વસ્તુમાં રસ જ નથી (uncaring) જ્યારે મન નીરવ-સમાધિમાં સર્વજ્ઞતાનો પ્રકાશ ઝીલતું હોય છે (Omniscient trance) ત્યારે આ ભવિષ્યણવાણીનું ઉદ્‌ગાન થતું હોય છે; જે આપણા ભૌતિક-મનની પક્કડમાં આવતું જ નથી.

Above the illusion of the hopes that pass.
Behind the appearance and the overt act.
Behind the clock-work chance and vague surmise,
Amid the wrestle of force, the trampling feet.
Across the triumph, fighting and despair.
They watch the Bliss for which earth's heart has cried.
On the long road which cannot see its end
Winding undetected through the sceptic days
And to meet it guide the unheedful moving world.

આપણી ઈચ્છાઓ, વિચારો અને આકાંક્ષાઓને નિર્માણ કરતા મનોમય અને પ્રાણમય મન જે એમ સમજે છે કે જીવન તેની ઈચ્છાઓને પૂરું કરવા માટે જ છે અને એવા ભ્રમમાં (illusion) જ સતત રાચતું હોય છે. તેની ઘણી ઉપર આ પ્રકાશમય મન આવેલું છે. આપણું શારીરિક મન જે દેખીતાં કર્મો કરવામાં જ રચ્યુંપચ્યું રહેવા માગે છે. (overt act) તેની તે પાછળ છે. આ બધાં જ મનનાં સ્તરોના દીખાવી મુખવટાની પાછળ તે રહેલ છે તેમ જ આપણા સમયબદ્ધ કરેલાં આયોજનો (clock-work) અને તે આયોજનનાં ફળસ્વરૂપ આપણને મળનારા મોકા બાબતની ગણતરી (surmise) મૂકી હોય તેની પણ તે પાછળ રહીને કામ કરે છે.આ આયોજનને સફળ બનાવવા આપણે જે વિપરીત પરિસ્થિતિઓ અને પરિબળો (force) જે આપણા સમગ્ર આયોજનને પગ નીચે કચડી નાખવા જાણે પ્રવૃત્ત થયા હોય (trampling feet) તેમની પણ પાછળ તે

જ પ્રકાશમય મન કામ કરતું હોય છે. અરે, આયોજન મુજબ મળેલ અંતિમ વિજય અને તે મળતા પહેલાના સંઘર્ષમાં આવતા આશા-નિરાશાના તબક્કાઓ (fighting and despair) આ બધાંની પાછળ રહી તે પ્રકાશમય મન તો ધરતીનું હૃદય જે દિવ્યઆનંદ ઝંખી રહ્યું છે તેને વાસ્તવિક કરવા સતત તેના વિકાસ ઉપર મીટ માંડીને (watch) બેઠું હોય છે તે પ્રકાશમય મન જિંદગીની આ લાંબી સફર (long road) કે જેના અંતે હજી મનને પોતાનું સપનું પૂરું થવાની આશા બંધાણી નથી (cannot see its end) તેવું મન નિરપેક્ષભાવે (undetected) મનની શંકા-કુશંકામાં પસાર થતાં દિવસોને જાણે વીંટી રહ્યું હોય છે. મન એ વખતે એવું જ અનુભવે છે કે જાણે તેનાં સ્વપ્નાની દુનિયાની કોઈને કાંઈ પડી જ નથી. તે જગત તો પોતાની રીતે જ આગળ વધવા માગે છે(unheedful moving world)

Thus will the masked Transcendent mount his throne.
When darkness deepens strangling the earth's breast
And man's corporeal mind is the only lamp.
As a thief's in the night shall be the covert tread
Or one who steps unseen into his house.

આવી રીતે તે પ્રકાશમય મન દ્વારા પેલી છુપાયેલી પરાત્પર-ચેતના માનવ-સ્વરૂપમાં ધીમેથી પોતાનું આસન જમાવે છે, પોતાનો અડ્ડો જમાવે છે તે વખતે સમગ્ર માનવ-સ્વરૂપની ભૌતિક-ચેતના, તમસ અને જડતાના ગાઢ અંધકાર વધારે ઘેરો બનતા હૃદયમાં ગૂંગળામણ અનુભવતી હોય છે.(strangling the earth's breast) પણ તેમાંથી બચવાને કે છટકવાનો તેને કોઈ માર્ગ દેખાતો હોતો નથી, ત્યારે પણ તે માનવસ્વરૂપને પોતાની ભૌતિક-ચેતના (corporeal mind)ના આછા પ્રકાશનો જ સહારો રહી જાય છે (lamp) ત્યારે જે પ્રમાણે ચોર ઘરમાલિકથી છૂપી રીતે (unseen) તેના ઘરમાં પ્રવેશી જાય છે અને માલિક સાવધ ન થાય તેવી રીતે ગુપચુપ પોતાનું કાર્ય પૂરું પાડે છે (covert tread) તેવી રીતે સિદ્ધોની મદદથી પેલી પરાત્પર ચેતના પોતે પગપેસારો કરે છે. અને માનવી ચેતનાને ઉત્ક્રાંત કરે છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## યોગશક્તિનું કાર્ય

(ભા.-૧, પૃ.૨૩૫-૨૫૫)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ સર જેમ્સ જીન્સ માને છે કે જીવન કેવળ એક અકસ્માતરૂપે અસ્તિત્વમાં આવ્યું અને વિશ્વમાં બીજી કોઈ પણ જગ્યાએ જીવન નથી. પૃ.૨૩૫

૨ ભૌતિક-તત્ત્વની પાછળ પ્રાણમય, મનોમય, આધ્યાત્મિક ક્ષેત્રો છે. પૃ.૨૩૫

૩ આત્મા દિવ્ય-વાસ્તવિકતાની એક બાજુ જ છે. પૃ.૨૩૬

૪ બર્ગસનનો (Elan Vital) એ અતિમનસ નથી. બર્ગસન ચેતનાને એક સર્જનાત્મક બળ..... જીવનશક્તિ જે ભૌતિક-તત્ત્વમાં ઊતરી આવી છે એવું માને છે. પૃ.૨૩૭

૫. બર્ગસનની સહજ-પ્રેરણાઓ પ્રાણમય છે. પૃ.૨૩૭

૬. યુરોપમાં અસામાન્ય ઘટનાઓ (Poltergeist) હસી કાઢવામાં આવે છે. પૃ.૨૩૮

૭. પદાર્થની જુદી જુદી ભૂમિકાઓ હોય છે - સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ (causal). પૃ.૨૩૮

૮. પૃથ્વી ઉપરના જીવનની સમજૂતી માટે સર ઓલીવર લોજે સમજાવ્યું કે તે (કૉસ્મિક કિરણો મારફતે) બીજા ગ્રહ ઉપરથી આવ્યું. પૃ.૨૩૯

૯. વેદાંત મુજબ સમગ્ર-જગત એક આધ્યાત્મિક..... શક્તિની લીલા છે. પૃ.૨૪૦

૧૦. યોગશક્તિ અથવા આધ્યાત્મિક-બળ જેવી કોઈક વસ્તુ હોવી જોઈએ. પૃ.૨૪૦

૧૧. આધ્યાત્મિક-બળ મનોમય, પ્રાણમય અને શારીરિક પરિણામો ઉત્પન્ન કરી શકે છે. પૃ.૨૪૧

૧૨. તેનાં પરિણામોમાં નહિ પરંતુ તેની ગતિઓમાં પણ યોગિક-શક્તિ વાસ્તવિક અને સઘન હોય છે. પૃ.૨૪૨

૧૩. સંકલ્પશક્તિ, ગ્રહણશીલતા, સંમતિ, ખુલ્લાપણું અને સમર્પણને યોગ-શક્તિમાં માન આપવું પડે છે.પૃ.૨૪૩

૧૪. આ બે મુખ્ય પદ્ધતિઓ છે. એક આંતરિક રીતે બાહ્યમાં કાર્ય કરે છે. બીજી બાહ્ય જે બાહ્યમાં કાર્ય કરીને આંતરિક-શક્તિને બોલાવે છે. પૃ.૨૪૪

૧૫. આધ્યાત્મિક-શક્તિ..... કોઈ પણ રૂપ લઈ શકે છે. પૃ.૨૪૪

૧૬. જે પ્રમાણે વિદ્યુત તરંગો હોય છે, તે પ્રમાણે મનોમય, લાગણીનાં તરંગો હોય છે. પૃ.૨૪૪

૧૭. ચેતનાની ક્રિયા એ શક્તિ છે. પ્રકૃતિ આત્માની સચેતન-શક્તિ છે. ભૌતિકતત્ત્વમાં આત્માનું અવતરણ એટલે પ્રકાશ, ચેતના અને શક્તિનું અવતરણ. આત્મા જડતત્ત્વમાં પણ છે. અતિમનસ-ચેતના સાચું રૂપાંતર સાધી શકે એમ છે. પૃ.૨૪૭

૧૮. સાધનામાં અચેતનતાની, જડતાની વૃદ્ધિ તે જ્યારે ઉપર ઊઠી આવે છે અને તેની ઉપર કાર્ય કરવામાં આવે છે ત્યારે અનુભવાય છે. પૃ.૨૪૮

૧૯. સૂક્ષ્મ શારીરિક-ભૂમિકામાં ચેતનાનાં ઘણાં સ્તરો હોય છે અને દરેક ભૂમિકા અને જગત એકબીજા સાથે સંકળાયેલાં હોય છે. પૃ.૨૪૯

૨૦. સમય અને અવકાશ મર્યાદિત નથી. તેઓ અનંત છે. પૃ.૨૪૯

૨૧ એકતા આધ્યાત્મિક-ચેતનામાં રહેલી છે.

૨૨ વહેમની પાછળ..... ઘણે ભાગે કોઈ વાસ્તવિક સત્ય રહેલું છે. પૃ.૨૫૪

સર જેન્સ જીન્સ જીવનના આવિર્ભાવને એક અકસ્માત ગણે છે અને પૃથ્વી સિવાય અન્યત્ર જીવન નથી એમ જણાવે છે. ખરેખર તો, સમગ્ર જગત જો

અકસ્માત હોત તો જીવનને પણ અકસ્માત જ ગણવું પડત, પણ તેમ નથી.

ભૌતિક-તત્ત્વની પાછળ પ્રાણમય, મનોમય અને આધ્યાત્મિક ક્ષેત્રો આવેલાં છે; તે બધાં જ એક સમગ્ર આયોજનનો ભાગ લાગે છે.

જીન્સની આવી છાપનું કારણ એ છે કે તેને જગત પાછળના આયોજનની ઝાંખી થએલ નથી અને આત્મતત્ત્વની નિર્લેપતા જાણે તેનો જીવન સાથે કોઈ સંબંધ નથી એવી છાપ પાડે છે. પણ આવી નિર્લેપ-ચેતના પાછળ હજી એક ચેતના છે, જેમાં નિર્લેપતા સાથે સક્રિયતા પણ છે. નિર્લેપ-આત્મા એ સત્યની એક બાજુ માત્ર છે. સક્રિય બાજુમાં પણ ઊર્ધ્વમાં બે સ્તરો છે - અધિમનસ અને અતિમનસ. પૈકી અંતિમ અતિમનસમાં પ્રવેશ્યાં સિવાય જગત પાછળના આયોજનનો પૂરેપૂરો ખ્યાલ આવતો નથી.

બર્ગસન વૈશ્વિકમૂળ તત્ત્વને Elan vital કહે છે પણ તે અતિમનસ શક્તિ નથી પણ વૈશ્વિક-પ્રાણશક્તિ છે. તે એક સર્જનાત્મક બળ છે એમ તે જણાવે છે. સારાંશ, બર્ગસન જીવન-શક્તિવાદમાં માને છે.

બર્ગસન જીવનના પ્રગટીકરણ માટે જે સહજ પ્રેરણાની વાત કરે છે તે મનોમય સહજ પ્રેરણાઓ છે. તેના વિચારો ચોખ્ખા ગુહ્યવાદી નથી.

યુરોપમાં જે અસામાન્ય બનાવો (poltergeist) બને છે તેને હસી કાઢવામાં આવે છે, તેને નિસર્ગની ભૂલ ગણે છે. પણ તે ઉત્ક્રાંતિના નવા તબક્કા પૂર્વેના છૂટાછવાયા આવિર્ભાવો હોઈ શકે છે.

વિજ્ઞાન સર્જનની પ્રક્રિયા જણાવી શકે છે પણ પ્રત્યક્ષ-સર્જન શું છે તે વિષે તેઓ જણાવી શકતા નથી. તેનું કારણ એ છે કે ભૌતિક-વસ્તુની પાછળ તેની સૂક્ષ્મ અને કારણભૂત ઘટના હોય છે તે વિષે તેઓ જાણતા હોતા નથી. ગુહ્યશાસ્ત્ર આનો અભ્યાસ કરતા હોય છે એમ મીસેસ નીલે પોતાના પુસ્તકોમાં ઉલ્લેખ કરેલ છે.

થિઓસોફીના સર ઑલિવર લોજે પૃથ્વી ઉપર જીવન અન્ય ગ્રહો ઉપરથી કૉસ્મિક-કિરણોની મદદથી આવ્યું એવો ઉલ્લેખ કરેલ છે. વેદોમાં ભુભવઃસ્વ આ ત્રણ અગ્નિમાં પ્રાણ, અપાન અને વ્યાન નામની જીવન-શક્તિ રહે છે એવો ઉલ્લેખ કરેલ છે.

## શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# પૂર્ણયોગમાં મસ્તકની પણ ઉપર ચેતનાનું આરોહણ

પ્રકરણ - ૨૨

(પૃ.૧૧૫-૧૧૬)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 (If) Jivatman which can be realised in this way (in the top of head) and gets its salvation;... what need is there of going into overhead planes at all ? P. 115

2 This pure I does not seem to be absolutely necessary... of liberation. P. 116

3. There was only an awareness of "That" as the sole Reality. P. 116

4. The overhead ascention is not indespensable for the usual spiritual purposes - but it is indispensable for the purpose of this Yoga. For its aim is to become aware of and liberate and transform and unite all the being in the light of a Truth-consciousness which is above... and cannot be reached... if... no transcending and upward-going movement. P. 117

5 Hence... my psychological statements as a whole, not new in essence... for much of it occurs in the Upanishadas and elsewhere, but new in its fullness of collective statement and its developments directed towards an integral Yoga. P. 117

6 For other aims it is unnecessary and may very well be excessive. P. 117

પ્રશ્ન એ નિર્માણ થયો છે કે જીવાત્માનો સાક્ષાત્કાર મસ્તકની ઉપર અંતરિક્ષમાં ચેતનાને સ્થિર કર્યા વગર થતો હોય અને તેને ત્યાં જ મુક્તિ મળી જતી હોય તો પછી તે રીતે મસ્તકની ટોચમાંથી ચેતનાને વધારે ઊર્ધ્વમાં લઈ જવાનો અર્થ જ શું છે?

શ્રી અરવિન્દે તો આ બાબતમાં નીચેનો જવાબ આપેલો છે - ખરેખર મુક્તિ

માટે તો જીવાત્માના સાક્ષાત્કારની પણ જરૂર નથી કારણ અક્ષરબ્રહ્મ અર્થાત્ અક્ષરપુરુષની અનુભૂતિમાં જીવાત્માનું પણ અસ્તિત્વ જણાતું નથી. બૌદ્ધધર્મમાં તો આત્માના અસ્તિત્વને જ નિર્વાણમાં નકારવામાં આવે છે. શ્રી અરવિન્દને પણ જ્યારે નિર્વાણનો અનુભવ થયો ત્યારે પોતે એક સત્તા તરીકે જ પોતાનો અનુભવ કરતાં હતાં, બાકી બધું જ આભાસી લાગતું હતું. દૈનિક-ક્રિયાઓ યંત્રવત્ ચાલતી અનુભવાતી હતી. ફક્ત એક નિર્વૈયક્તિક, નિરાકાર, સભાનતા જ જણાતી હતી.

તેમાં નિમ્ન-પ્રકૃતિમાંથી મુક્તિનો અનુભવ થતો જ હતો. 'અહમ્'માંનાં બધાં જ માનસિક, ભાવનિક, શારીરિક ઘટકો જાણે ખાલી કરી નાખવામાં આવ્યાં હોય એવો જ અનુભવ થતો હતો.

તેથી જ શ્રી અરવિન્દ વિચાર ધરાવે છે કે આધ્યાત્મિક કક્ષાની મુક્તિ માટે મસ્તકની ઉપર અંતરિક્ષમાં ચેતનાને સ્થિર કરવાની જરૂર જ નથી, પણ તે પૂર્ણયોગમાં અનિવાર્ય રીતે જરૂરી છે. આધ્યાત્મિક મુક્તિમાં ચેતના મુક્તિ અનુભવે છે પણ નિમ્નપ્રકૃતિ યાંત્રિક રીતે કામ કરતી જેવી ને તેવી જ રહે છે. તેને મુક્તિ મળતી નથી અને આધ્યાત્મિક મુક્તિમાં તેની અપેક્ષા પણ નથી.

પણ પૂર્ણયોગનું ધ્યેય તો નીચે મુજબનું છે :

૧. આત્મતત્ત્વ, પુરુષતત્ત્વના સક્રિય પાસા બાબત પણ પૂર્ણ સભાન બનવું નિષ્ક્રિય પાસાની તો મેળવી જ લીધેલી હોય છે.

૨. બંને પાસાંમાં, સક્રિય અને નિષ્ક્રિય, મુક્તિ મેળવવી.

૩. પ્રકૃતિની પણ મુક્તિ મેળવવી.

૪. પ્રકૃતિનાં બધાં જ તત્ત્વોમાં મુક્તિ અનુભવવી.

૫. તે તત્ત્વોનું રૂપાંતર કરવું.

૬. તેમને સમન્વયમાં પ્રભુ - કાર્યનાં કરણો તરીકે ગોઠવી આપવાં

૭. આ બધાં માટે યોગી પોતે સત્ય-ચેતનામાં મસ્તકની ઉપર અંતરિક્ષમાં સ્થિર થઈને ત્યાંથી દિવ્ય-શક્તિઓનું અવતરણ કરાવી તેમની મદદથી આ ઉપર જણાવેલી સ્થિતિ ભૌતિક-કક્ષાએ વાસ્તવિક બનાવવી. તે માટે દિવ્ય-પ્રકાશનું, દિવ્ય-શક્તિનું આપણા સમગ્ર સ્વરૂપમાં અવતરણ કરાવવું.

આ બધી માનસશાસ્ત્રીય નવરચના જે પૂર્ણયોગ કરવા માગે છે તે

ઉપનિષદોમાં જણાવેલ જ છે. તેથી તેમાં નાવીન્ય નથી. પણ પૂર્ણયોગની નવીનતા એ વસ્તુમાં છે કે તેનું ધ્યેય સ્વયંપૂર્ણ છે. બધાં તત્ત્વોનો વિકાસ કરીને તેમને સંપૂર્ણ સંવાદમાં ગોઠવવામાં આવે છે અને તે બધાંને જ પ્રભુના સાક્ષાત્કારમાં એકસામટાં વાપરવામાં આવે છે.

આ ધ્યેય જેમને માન્ય હોય તેમને જ આ પૂર્ણયોગ સ્વીકારવાની જરૂર છે. યોગનો આથી કોઈ ભિન્ન હેતુ હોય તો તો આ પૂર્ણયોગની આવી સમગ્રતાની સાધના તેને માટે જરૂરી નથી અને તે કદાચ તેને માટે બિનજરૂરી વધારાનું કામ બની રહેવાની શક્યતા છે.

શ્રી અરવિન્દ જે અતિમનસ ચેતનાને ભૌતિક શરીરમાં ધારણ કરાવીને ભૌતિક શરીરનું રૂપાંતર કરવા માગે છે, તે કાંઈ આપણા સ્વરૂપમાં જુદા જુદા સ્તરે જુદી જુદી ચેતના પ્રકારો તરીકે પ્રગટ થતી એક જ ચેતનાનું સામૂહિક નામ માત્ર નથી, પણ તે આ બધાંનો મૂળ-સ્રોત છે, ઉગમ-સ્થાન છે. બધાં જ ચેતના પ્રકારો એ તેના અધૂરા, અપૂર્ણ, વિકૃત આવિર્ભાવો માત્ર છે.

(અનુ.પૃ.૧૨ ઉપરથી)

## માતૃવાણી

૬ મસ્તકનો દુ:ખાવો અને ચક્કરમાંથી મુક્તિનો સહેલો ઉપાય છે મસ્તક ઉપરના પ્રકાશને શરીરમાં પ્રવેશવા દો. તે પોતાની સાથે સ્થિરતા અને શાંતિ લાવે છે એવો ભાવ રાખો. બન્ને વસ્તુઓ નષ્ટ થશે. પૃ.૧૩૬

૭ શરીરના અમુક કોષો અન્ય કોષો સાથે સંવાદમાં ન રહેવાથી ગૂમડામાં, ગાંઠમાં રૂપાંતરિત થાય છે. આ વિસંવાદનું કારણ સત્તાનો કે અન્ય સૂક્ષ્મ કે સ્થૂળ વસ્તુઓનો અતિશય લોભ કારણભૂત હોય છે. પૃ.૧૩૭

૮ તમે વલણ બદલ્યા વગર શસ્ત્રક્રિયાથી રોગનિવારણ કરવા મથશો તો તે ખોટું વલણ અન્ય રોગ તરીકે પ્રગટ થશે. સાચું વલણ સ્થાપવું જરૂરી છે. પૃ.૧૩૭

૯ કોશોની ઝડપી વૃદ્ધિ પામવાની ટેવરૂપ કૅન્સરમાંથી મુક્ત થવાનો ઉપાય એટલે કોષોને તે ટેવમાંથી મુક્તિ અપાવવી. તે શાંતિ સ્થાપવાથી જ થઈ શકે છે. પૃ.૧૩૭

# ઉપનિષદો

- શ્રી અરવિન્દ

## પ્રભુ અને જગતની એકરૂપતા

(પૃ.૩૪-૪૨)

પ્રકરણ - ૩

(ગતાંકથી ચાલુ)

આ અવક્રાંતિનો છેડો છે જડ ભૌતિકતત્ત્વ, જે સાતમો તબક્કો છે તેમાંથી પછી પ્રાણ-શક્તિને કારણે છઠ્ઠો પ્રાણમય જગત ભૌતિક જગતમાં પ્રાણીઓ તરીકે આવિર્ભાવ પામ્યું. તે પછી મનોમય જગત માનવજાતિ તરીકે ભૌતિક-જગતમાં આવિર્ભાવ પામી.

આ ઉત્ક્રંતિની પ્રક્રિયા છે. પ્રાણ-શક્તિ જ ઉત્ક્રાંતિ કરાવી રહી છે. આમ, બ્રહ્મનું ચિત્‌તત્ત્વ સાત જગતો તરીકે પ્રગટ થવાનું છે. હાલમાં આપણે ત્રણ આવિર્ભૂત જગતોનાં ત્રણ તત્ત્વોનો જ અનુભવ કરીએ છીએ. તે ત્રણ તત્ત્વો છે - ભૌતિક શરીર, પ્રાણ અને મન.

આ ત્રણેનું મળીને માનવીજીવન બને છે. તે સતત વધુ ને વધુ ભવનક્રિયામાં આગળ વધી રહ્યું છે. આ પ્રક્રિયામાં જૂનું નાશ પામે છે અને નવું નિર્માણ થાય છે. અર્થાત્ હર પગલે મૃત્યુ અને નવો જન્મ થાય છે. હર ક્ષણે ‘સંભવ’ અને ‘સંભૂતિ’ થાય છે (શ્લોક ૧૨-૧૪) અને હરક્ષણે મૃત્યુ પણ. સારાંશ, હાલનો અસ્તિત્ત્વનો તબક્કો એ જન્મમૃત્યુની હારમાળા જેવો છે અને આ અવસ્થાને આપણે વટાવી જવાની છે (શ્લોક ૧૧,૧૪)

ફક્ત ચિત્‌તત્ત્વ એ જ આપણી પૂર્ણ ચેતના નથી. પૂર્ણ ચેતનામાં ત્રણ પાસાં એકીસાથે હોય છે તે છે સત્-ચિત્-આનંદ. ચિત્‌ને તપસ્ કહે છે કારણ તેમાં પ્રયત્ન અને સંઘર્ષ રહેલો છે.

સત્‌તત્ત્વ એ ભૌતિક-જડ પદાર્થનું મૂળ દિવ્યસ્વરૂપ છે, ચિત્ એ પ્રાણમય-શક્તિનું મૂળ દિવ્યસ્વરૂપ છે અને માનસિક, શારીરિક ભોગોનું મૂળ દિવ્યસ્વરૂપ આનંદ છે.

સત્‌ચિત્‌ આનંદની ચેતનામાં રહેવાથી હરક્ષણે જન્મ-મૃત્યુની પ્રક્રિયા હોતી નથી તેથી તેને અમરતાની, અમૃતની અવસ્થા કહેવામાં આવે છે.

ઊર્ધ્વમાંના આ મૂળ દિવ્યતત્ત્વને નિમ્નતત્ત્વો સાથે જોડવાનું કામ વિજ્ઞાન કરે છે. તે અતિમાનસિક જ્ઞાનનો પ્રકાર છે. વિજ્ઞાન પ્રભુના સંકલ્પનું જ્ઞાન ધરાવે છે અને તે અનુસાર જ નિમ્નતત્ત્વોને વિકસાવે છે, તેથી તેમાં સંઘર્ષ ઓછો હોય છે.

આ વિજ્ઞાન વૈશ્વિકતત્ત્વ છે અને તેમાં દરેક વ્યક્તિની વિકાસરેખા તેના અંશ તરીકે રહેલી છે. આમ, વિજ્ઞાન વિભાજિત ચેતનાને ફરી એક કરી આપે છે.

આપણી સામાન્ય બુદ્ધિનું મૂળભૂત દૈવીતત્ત્વ આ વિજ્ઞાન છે.

ચિત્‌-તત્ત્વના સપ્તલોકરૂપી સાત જળપ્રવાહો છે જે સ્વર્ગમાંથી નીચે માનવસ્વરૂપમાં ઊતર્યા છે એમ વૈદિક ઋષિઓ જણાવે છે. તે બધાં એકીવખતે એકીસાથે એક જ માનવી-સ્વરૂપમાં સાથે જ રહે છે. તે બધાં જ પ્રવાહો માનવનાં શારીરિકમાં બીજરૂપે રહેલાં છે અને એક જ બ્રહ્મચેતના તે સાતરૂપો દ્વારા પ્રગટ થાય છે અને અંતર્ધ્યાન પણ પામે છે. આમ, બ્રહ્મતત્ત્વ સ્થિર અચલ પણ છે અને ચલ અર્થાત્‌ ઉત્ક્રાંત પણ થાય છે.

તેથી આપણે બ્રહ્મતત્ત્વને વ્યક્તિ અને વૈશ્વિક-ચેતનાઓને આધાર આપતી તેમ જ વ્યક્તિ અને વૈશ્વિક સ્વરૂપો (દેવો) તરીકે વિકસતી પણ અનુભવવાની છે.

આમ, બ્રહ્મતત્ત્વ વિશ્વાતીત છે, વૈશ્વિક પણ છે અને વ્યક્તિસ્વરૂપ પણ છે. આ બધાં જ સ્વરૂપે તેમને જાણવાનું છે. તેનું જ્ઞાન જ આપણને પૂર્ણતા અને અમરતા આપશે.


## રાજકોટ કેન્દ્રનાં નવા પ્રકાશનો

૧ **શ્રી વિદ્યા** - (નવી સુધારિત દ્વિતીય આવૃત્તિ) પૃ.૧૨૦ - કિં. ૭૫/- લે. માનસિંહ ચાવડા (શ્રી અરવિન્દ અને શ્રી વિદ્યા બન્નેમાં સમન્વયાત્ક યોગ છે તેમનો તુલનાત્મક અભ્યાસ અને શ્રી વિદ્યાના રહસ્યો ઉકેલતો અદ્‌ભૂત ગ્રંથ)

૨ **શ્રી માતાજીના સાક્ષાત્કારો** - પૃ.૯૬ - કિં. ૬૦/- લે.માનસિંહ ચાવડા (શ્રી માતાજીના સાક્ષાત્કારોનું વિવરણ કરતો અદ્‌ભૂત ગ્રંથ)

## યોગ પર દીપ્તિઓ

-શ્રી અરવિન્દ

# ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૨૫

## ચેતન-તત્ત્વ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- ચેતન-તત્ત્વ જ આત્મા, બ્રહ્મ, પ્રભુની મૌલિક ચેતના છે. પૃ.૨૪
- એક અને અદ્વિતીય પ્રભુ પોતાની અંદર હંમેશા રહેલ સાહજિક નાનાત્વને પ્રગટાવે છે ત્યારે..... તે આવિર્ભાવ પૂરતું કેન્દ્રસ્થ જીવાત્મા બને છે..... પૃ.૨૪
- પરંતુ તે પોતે..... પ્રભુનો સનાતન અંશ..... હતો તેવો જ રહે છે. પૃ.૨૪
- ..... અપરા પ્રકૃતિમાં પ્રભુનો એ દિવ્ય-અંશ પ્રાણીની અંદર રહેલા અંતરાત્મા તરીકે પ્રગટ છે. તે પ્રભુરૂપી દિવ્ય-મહાનલનો સ્ફુલિંગ હોય છે. પૃ.૨૪
- માનવ-ચેતનામાં વિકાસ સાથે વૃદ્ધિ પામતો..... તે જ ચૈત્ય-પુરુષ છે. પૃ.૨૪-૨૫
- તે જીવાત્માની પેઠે સમુત્ક્રાંતિ પૂર્વે તથા તેનાથી પર હોતો નથી. પૃ.૨૫
- માનવને પોતાના..... જીવાત્માનું ભાન હોતું નથી..... ચેતનામાં વધારે ઊંડે ઉતરતાં..... ચૈત્યપુરુષને ચેતનાનાં સાચા કેન્દ્ર તરીકે..... જાણતો થાય છે. પૃ.૨૫
- જ્યારે ચેતના પૂરેપૂરી જાગ્રત થાય છે ત્યારે જીવાત્મા અને ચૈત્ય-પુરુષ બંને જોડાઈ જાય છે. પૃ.૨૫

ચેતન-તત્ત્વ અને પ્રભુ દ્વારા માનવમાં જે ઉત્ક્રાંતિ થાય છે તેની પ્રાથમિક સમજ શ્રી અરવિન્દ આપી રહ્યા છે.

શ્રી અરવિન્દના સાહિત્યમાં આવતા વિવિધ શબ્દો અને તેના ગૂઢાર્થનો અહીં ખ્યાલ આવે છે. મૂળભૂત રીતે ચેતન-તત્ત્વ જ એક વસ્તુ છે અને તે જ પ્રભુના આવિર્ભાવનું એકમેવ તત્ત્વ છે, માધ્યમ છે. તે જ મૌલિક છે અને સનાતન બ્રહ્મ પણ છે. જેમ અવાજના આવિર્ભાવને અવકાશની જરૂર પડે, તો જ તેના તરંગો ગતિ કરીને સામેની વ્યક્તિને સંભળાય છે, તેવી જ રીતે પ્રભુનો આવિર્ભાવ ચેતનાના માધ્યમ દ્વારા થાય છે. આ ચેતન-તત્ત્વ જ જુદાં જુદાં સ્વરૂપે વિલસી રહ્યું છે અને વિકસી રહ્યું છે.

જ્યારે પરમ પ્રભુ પોતાના આવિર્ભાવ માટે સંકલ્પ કરે છે ત્યારે તેમાંનો જ એક અંશ જીવાત્મા તરીકે કેન્દ્રસ્થ ચેતના તરીકે આવિર્ભાવની પ્રક્રિયામાં જોડાય છે. આ જીવાત્મા પ્રભુનો અવિભાજ્ય અંશ હોઈ તે હંમેશ પરમપ્રભુ સાથે જોડાયેલો હોય છે. જે મૂળભૂત રીતે પરા(દિવ્ય)પ્રકૃતિમાં કેન્દ્રસ્થ હોય છે.

આ જ જીવાત્માનો એક સ્ફુલિંગ નીચે અપરા પ્રકૃતિમાં આવિર્ભાવના કેન્દ્ર તરીકે ઉતરી આવે છે અને વિકાસશીલ અને સતત વૃદ્ધિ પામતો પ્રગતિ કરતો હોય છે. આ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં જોડાયેલ પ્રભુનો અંશ હોય છે, જેને શ્રી અરવિન્દ ચૈત્ય-પુરુષ કહે છે. આ રીતે પ્રથમ પરમ-પ્રભુ, તે પછી તેના આવિર્ભાવનો અનાદિ સંકલ્પ ધારણ કરનાર જીવાત્મા, ત્યારબાદ તેના જ સ્ફુલિંગ તરીકે અપરાપ્રકૃતિમાં ઉતરી આવેલ ચૈત્ય-પુરુષ. આ ચૈત્ય-પુરુષ પરા અને અપરા પ્રકૃતિમાંના કોશો - આનંદમય, વિજ્ઞાનમય, મનોમય, પ્રાણમય અને અન્નમયનો વિકાસ કરતા હોય છે.

શ્રી અરવિન્દ જીવાત્માને જ 'સ્વ-રૂપ' (''સ્વ'' એટલે પોતાનું મૂળભૂત સત્ય અને ''રૂપ'' એટલે આવિર્ભાવની પ્રક્રિયામાં વિશિષ્ટ રીતે ધારણ કરેલ સંકલ્પાનુસાર પ્રગટીકરણ) કહે છે. અને આ જીવાત્માને આ પૃથ્વી પર પ્રગટ કરવા માટે જે સ્ફુલિંગ સ્વરૂપે માનવમાં દિવ્ય-અંશ છે તે જ ચૈત્યપુરુષ.

સામાન્ય માનવ, ચેતનાની બહારની ગતિવિધિઓમાં અટવાયેલો હોઈ

તેને ચૈત્ય-પુરુષનો સંપર્ક કરવો મુશ્કેલ જાય છે. પરંતુ ચેતનાના ઊંડાણમાં જતા જ ચૈત્ય-પુરુષ પ્રગટ થવા માંડે છે. સાધક જેમ જેમ આ આવિર્ભાવની પ્રક્રિયા પોતાની અંદરથી સમજતો જાય છે તેમ તેમ ચૈત્યપુરુષ વધારે ને વધારે બહાર આવતો જાય છે અને બાહ્યિક જીવનમાં પણ પોતાનો વિસ્તાર ફેલાવવા માંડે છે. સાધક આ પ્રક્રિયાને જેમ જેમ વધારે સંમતિ આપતો જાય છે તેમ તેમ ચૈત્ય-પુરુષ અગ્રભાગે આવવા માંડે છે. જ્યારે સંપૂર્ણપણે ચૈત્ય-પુરુષ પરમ-પ્રભુની ચેતનામાં જાગ્રત થાય છે ત્યારે આ બંને અલગ દેખાતા તત્ત્વો – જીવાત્મા અને તેના સ્ફુલિંગ સ્વરૂપે ચૈત્ય-પુરુષ - બંને જોડાઈને એક થઈ જાય છે. મૂળભૂત રીતે ચૈત્ય-પુરુષ પરમ-ચેતનાનો, જીવાત્માનો જ પ્રતિનિધિ હોઈ, તે હવે પ્રભુના અનાદિ સંકલ્પાનુસાર પોતાનું વિશિષ્ટ રૂપ પ્રગટ કરવા માંડે છે.

આ છે દિવ્ય-જીવનની શરૂઆત. સાધકને પોતાનામાં પ્રભુના આવિર્ભાવના પગરવ સંભળાવા માંડે છે. કૃષ્ણનો બંસી-નાદ, જગદંબાની ઝાંઝરીની રૂમ-ઝુમ સાધક નિજાનંદમાં માણતો હોય છે.

આ દિવ્યાનંદ માણવા માટે અંતરમાં ઊંડા ઉતરવું આવશ્યક છે. શ્રી અરવિન્દ ''સાવિત્રી''માં જણાવે છે :

But all is screened, subliminal, mystical;
It needs the intuitive heart, the inward turn,
It needs the power of a spiritual gaze. (Savitri, Pg. 49)

ભાવાનુવાદ

છુપાયેલું ઢંકાયેલું, ગૂઢ આ માંહ્યલું બધું;
માંગે એ આંતરિક-ઊંડો વળાંક, પ્રેરણાસભર હૃદયે સઘળું
શક્તિ અધ્યાત્મ-દૃષ્ટિતણી એ એક જ જરૂરનું ઘણું.

**ગ્રાહકોને માનભરી વિનંતિ**

**શ્રી માતાજી તથા શ્રી અરવિન્દના આ જ્ઞાનયજ્ઞમાં આપના લવાજમની આહૂતિ આપી આ યજ્ઞને આગળ ધપાવો - તંત્રી**

# વેદ-રહસ્ય

- શ્રી અરવિન્દ

# અશ્વિનીકુમાર ઈન્દ્ર અને વિશ્વદેવો
# અશ્વિનીકુમાર - સૂક્તો (ઋગ્ ૪-૪૫)

(વેદનું રહસ્ય ભા. ૧ પૂ.૧૧૧-૧૨૧)
(વેદનું રહસ્ય ભા.૧ પૃ.૩૪૦-૩૪૮)
પ્રકરણ -૧૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

**એષઃ પુરુ ધિયાયતે બૃહતે દેવતાતયે।**

**યત્રામૃતાસ આસતે॥** (૯-૧૫-૧-૨)

અર્થાત્ તેથી આ ભૌતિક શરીર (એષઃ પુરુ) સાતે પ્રજ્ઞાના સ્વરૂપોને ધારણ કરે છે. (ધિયાયતે) તે વિશાળ-ચેતનાને ધારણ કરે છે. (બૃહતે) અને અંતે દિવ્ય પ્રકાશમય બને છે. (દેવતાતયે) તેથી તેવા શરીરમાં (યત્ર) સનાતન-ચેતનાના પ્રકાશને (અમૃતાસ) ધારણ કરી સ્થિર કરે છે. (આસતે)

આવી રીતે ઈન્દ્રની મદદમાં સૂર્યપુત્રી અર્થાત્ સાત પ્રજ્ઞાના સાત પ્રકાશો આવેલા છે, તેથી ઈન્દ્રને 'ઈન્દ્ર ચિત્રભાનો' કહ્યો છે. ઈન્દ્ર વિવિધ (ચિત્ર) પ્રભામંડલોથી યુક્ત થાય છે. (ભાનો) ભા એટલે પ્રકાશ તેની ઉપરથી ભાનુ, પ્રકાશધારક એવો શબ્દ તૈયાર થયેલો છે. આવી રીતે વિવિધ પ્રકાશ શક્તિઓરૂપી પુત્રથી યુક્ત (સુતાવતઃ) ઈન્દ્ર પોતે દિવ્ય-મનમાં ઊઠતા દિવ્યભાવોને (ઉપબ્રહ્માણિ) પ્રાપ્ત કરો (વાઘતઃ). આગળ ઋષિ વર્ણન કરે છે કે આ પુત્રોને (સૂતે) તમે અમારી શારીરિક-ચેતનામાં સ્થિરતા (નશ્ચનઃ) આપો (દધિષ્વઃ)

આ જ સૂક્તમાં ઋષિ આગળ પ્રાર્થના કરે છે કે હે ઈન્દ્ર, તારા પેલા સપ્ત

તેજો સાથે આવા આ શરીરમાંના સુખદ સંવેદનોરૂપી સોમરસ તારી ઇચ્છા કરે છે. સૂક્ષ્મ દિવ્ય-શક્તિઓને અને શરીરમાંની વિશાળ ચેતનાએ તેમને શુદ્ધ કર્યાં છે. આગળ ઋષિ જણાવે છે કે મેં પેલા સોમરસને તારા શરીરમાં રેડી તૈયાર રાખેલ છે. એ આત્મ-વિચારોને, દિવ્ય-વિચારોને હું વાણી દ્વારા પ્રગટ કરવા ઇચ્છું છું.

ઉપર જણાવેલ દસ યુવતીઓને દસ ગાયોને જ તેઓ વેગ પકડતાં તેજોમય અશ્વો તરીકે વર્ણવ્યા છે. તેમની સાથે આવવા વિનંતી કરી છે.

હવે ઇન્દ્ર જે કાર્ય શારીરિક ચેતનામાં કરેલ છે તેને આધાર આપવા ઋષિ વિશ્વદેવોને આવાહન કરે છે. વિશ્વદેવો એટલે વિશ્વને દિવ્ય કરવા મથતી દિવ્ય-શક્તિઓનો સમૂહ. તેમને ઋષિ આવાહન કરીને કયાં કાર્ય કરવા કહે છે ? વિશ્વે દેવાસ આગત દાશ્વાંસો દાષુષે સુતમ્ । હે વિશ્વદેવો (વિશ્વ દેવાસ) ! આપ આવો. (આગત) અને આ સોમરસનું પાન કર્યા બાદ અર્થાત્ દિવ્ય-અસ્તિત્વનો આનંદ લૂંટીને, પછી તે ઉદાર દાની વિશ્વદેવો (દાશ્વાંસો) તેમને પુત્રો આપો (દાશુષે સુતમ્) શારીરિક કોષો જેઓ હવે અવચેતન અને અચેતનના પ્રભાવમાંથી અર્થાત્ અજ્ઞાનના આવરણમાંથી મુક્ત થયેલ છે, તેઓ નવો દિવ્ય-અવતાર ધારણ કરે, અમૃતના પુત્રો બની રહે (સુતમ્)

દિવ્યલોક (સ્વર્ગ) અને અદિવ્યલોક (પૃથિવી) વચ્ચે અનેક પ્રકારનાં વિઘ્નો છે. તે વિઘ્નો તેમને રોકી રાખવાનો પ્રયત્ન કરશે પણ તેઓ તેમનાં વિઘ્નો પાર કરીને તીવ્ર વેગે આવે. (અપ્તુરઃ સુતમા) તે બધાં જ વિઘ્નોને પાર કરીને આવે (ગન્ત તૂર્ણય). આ પ્રવાસ કાંઈ તેમનો નવા જ ક્ષેત્રનો નથી. પહેલાં પણ તેઓ અહીં રહેતા જ હતા. હવે પાછા ફરતા પશુઓ પોતાના મૂળ ઘેરે આરામ કરવા આવે છે (ઉસ્ત્રા ઇવં) આવી રીતે તેમણે તે દિવ્ય-શક્તિઓને (મેઘં) પાર્થિવ ચેતના સુધી વહી લાવવાની છે. (વહનયઃ) અને તેમને પાર્થિવ ચેતનામાં ધારણ કરાવવાની છે. (જુષન્ત)

આવી રીતે અશ્વિનિકુમારો યજ્ઞકાર્યના પરિશ્રમને ધારણ કરે છે. (ઑમાસશ્ચર્ષણિઃ ધૃતઃ) વેદોમાં ચર્ષ અને કૃષ બંને ધાતુઓ મૂળ ચર અને કૃ

ધાતુમાંથી બનેલાં છે. બંનેનો અર્થ પરિશ્રમપૂર્વક પાર પાડવું એવો થાય છે. સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનાં વિઘ્નોને પાર પાડવા આ પરિશ્રમની જરૂર છે, તે જ તપ છે. આર્ય શબ્દમાંનો અર્' ધાતુ ખેડવું, એ પણ આવા પરિશ્રમયુક્ત કાર્ય જ દર્શાવે છે.

ઉપર જણાવેલી દસ પ્રકાશની ધારાઓ અથવા ગાયો એ ઋત્-ચેતનાની ધારાઓ છે, તેથી તેમને 'ઋતસ્યધારાઃ' કહ્યાં છે. તેમને સૂર્યની જળધારાઓ તરીકે પણ વર્ણવેલ છે (સ્વર્વતીરપઃ) આ રીતે જોતાં બધાં જ દેવો 'અપ્તુરઃ' છે અર્થાત્ જળધારા જ છે.

ઉપર જણાવેલ છે કે દિવ્ય-શક્તિઓ આરામ કરવા ઘેરે પાછા આવતા પશુઓની જેમ ઉતાવળે પાછા આવે. (ઉસ્ત્રા ઈવ) આમાંના ઉસ્ત્રા શબ્દના બે અર્થ છે. બાહ્યાર્થ છે ગાય કે પશુ, લક્ષ્યાર્થ છે દિવ્ય-શક્તિઓ. આ જોતા વિશ્વદેવો એટલે ઊર્ધ્વ ચેતનામાંથી નીચે અવતરણ પામી માનવમાં સત્ય-ચેતનાને પોષતી દિવ્ય–શક્તિઓનો સમૂહ એમ કરવો યોગ્ય થશે.

આ જ સૂક્તમાં તેથી અંતે જણાવેલ છે કે પોતાના કાર્યમાં માનવને ધારણ કરનાર, પોષણ આપનાર હે વિશ્વદેવો, પધારો અને સોમરસના અસ્તિત્વના આનંદમાં પોતે સહભાગી થાઓ.

વિશ્વશક્તિરૂપી જળધારાઓને લઈ આવનાર હે વિશ્વદેવો, તમે પ્રકાશમય શક્તિઓ તરીકે આ પ્રકાશ ધારણ કરવાની પ્રક્રિયા-સ્વરૂપ સોમયજ્ઞમાં સહભાગી થાઓ.

હે અજેય અને આઘાત વગરનાં તેમ જ પોતાના દિવ્યજ્ઞાનમાં રાચનાર વિશ્વદેવો, મારા આ સોમયાગને આધાર આપો.

આવી રીતે મન, પ્રાણ, શરીરમાં અશ્વિનીકુમારો, ઈન્દ્ર અને વિશ્વદેવોએ જે રૂપાંતરનું દિવ્યકાર્ય કર્યું છે તે ખરેખર તો સરસ્વતીનું કાર્ય હોવાથી આ ઋચાઓ સરસ્વતીને સંબોધાઈ છે. સરસ્વતી એટલે સત્ય ચેતનામાંથી નીચે અવતરણ પામતી દિવ્ય વાક્-શક્તિ, પ્રેરણાભર્યા શબ્દો-શ્રુતિ.

તેથી છેલ્લે સરસ્વતીની ઋચાઓ નીચે મુજબની આપેલી છે :

પોતાના સ્વરૂપમાં પૂર્ણ સમૃદ્ધ, વિચારોમાં સંપત્તિશાળી, શુદ્ધતા આપતી સરસ્વતી ! અમારા આ સોમયાગમાં પ્રગટ થતી ઇચ્છાઓને પૂર્ણ કરો.

આનંદદાયક સુખો તરફ પ્રેરતી, સત્યનિષ્ઠ માનસ વિચારો પ્રગટાવતી સરસ્વતી, અમારા આ સોમયાગને ધારણ કરો.

સરસ્વતી દર્શના અને શ્રવણા દ્વારા (દૃષ્ટિ અને શ્રુતિ દ્વારા) આ સત્યના મહાપૂરને જાગૃત કરી અમારા વિચારોને દિવ્ય કરે છે.

આમ સરસ્વતી શ્રુતિ-પ્રેરણાની દેવી છે.

(વેદનું રહસ્ય ભા.૧ (ઋગ્ - ૧.૧૭૦) પૂ.૨૭૧-૨૭૨)

રૂપાંતરના કાર્યનો આધાર અને મુખ્ય ચાલક-બળ ઇન્દ્ર જ છે.

ઋગ્વેદમાં પ્રથમ મંડલના ૧૭૦મા સૂક્તમાં ઇન્દ્ર અને અગસ્ત્ય ઋષિનો સંવાદ છે. તેમાં સાધનાનું એક મૂળભૂત સત્ય દર્શાવેલ છે. તે એ છે કે માનવી-સ્વરૂપનાં બધાં તત્ત્વોનું રૂપાંતર કર્યા વગર કોઈ ઊર્ધ્વગામી દિવ્ય-તત્ત્વને આપણા સ્વરૂપમાં આપણે સ્થિર, કાયમી કરી શકતા નથી. એ રૂપાંતર ઇન્દ્રની મદદથી જ થાય છે.

અગસ્ત્ય પ્રકૃતિનું રૂપાંતર કર્યા વગર મનોબળે (મરુતોની મદદથી) પરમ-ચેતનાને (પ્રકાશમય મન) પોતામાં સ્થિર કરવા પ્રયત્ન કરે છે, પણ ઇન્દ્ર તેમાં વિરોધ કરે છે. અહીં ઇન્દ્ર એટલે પ્રકાશમય મન, મનોબળ એટલે મરુતો. અગસ્ત્યને પ્રશ્ન થાય છે કે ઇન્દ્ર અને મરુતો તો ભાઈ ભાઈ છે તો ઇન્દ્ર મરુતોનાં કાર્યમાં અવરોધ શા માટે નાખે છે !

કિં ન ઇન્દ્ર જિઘાંસસિ ભ્રાતરો મરુતસ્તવ ॥૨॥

હે ઇન્દ્ર ! તું તારા ભાઈ મરુતના કાર્યનો નાશ શા માટે કરે છે ?

ઇન્દ્ર કહે છે : અગસ્ત્ય ! પ્રથમ તું યજ્ઞની વેદી બરાબર તૈયાર કર અર્થાત્ શરીરનાં તત્ત્વોનું રૂપાંતર કર. પછી તેમાં અમર-આત્માને જાગૃત કર. હું અને મરુતો તને મદદરૂપ થવા તૈયાર છીએ.

અરં કૃણ્વંતુ વેદિ સમગ્નિમિન્ધતાં પુરઃ।
તત્રામૃતસ્ય ચેતનં યજ્ઞં તે તનવામહે ॥૪॥

(અનુ.પૃ.૪૫ ઉપર)

## વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

# માંદગી કેવી રીતે નિવારશો ?

પ્રકરણ - ૨૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 113-121)

આ બધું કરવા માટે આપણા શરીર અને કોષોમાં એક અચલ સંકલ્પ મૂકવામાં આવે છે જે બધાં જ નકારાર્થી સૂચનોને મારી હટાવી શકે છે. આ અચલ સંકલ્પ આ પોતાનું કામ કોષે-કોષમાં દિવ્ય-પ્રકાશને સ્થિર કરીને તેમાં શાંતિ અને સમતુલા સ્થાપીને કરે છે. આને કારણે કોષો નિર્ભય બની જાય છે.

આવી ઉત્તમ સ્થિતિમાં હો ત્યારે ચેપી રોગીના સંસર્ગમાં આવવા છતાં તમે રોગમુક્ત રહી શકો છો.

અર્થાત્ આ શક્યતા હાલના તબક્કે નથી એમ માતાજી ખાસ જણાવે છે. કારણ આપણું શારીરિક-મન હજી અવચેતનના પ્રભાવ નીચે કામ કરતું હોવાથી તે સંપૂર્ણ રીતે હજી પ્રભુના પ્રકાશ પ્રત્યે ખુલ્લું હોતું નથી. જ્યારે આ શારીરિક - ચેતના પણ અતિમનસના પ્રભાવ નીચે આવશે ત્યારે અચૂક ઉપર મુજબની ઘટના વાસ્તવિક બનશે.

માતાજીએ પોતાની એક અનુભૂતિ વર્ણવી છે. જપાનમાં જ્યારે હતાં ત્યારે ત્યાં એક મહામારીનો પ્રકાપ ફાટી નીકળેલો. માતાજીને તેના પાછળનું કારણ જાણવું હતું. એક દિવસ તેમની બેનપણીને મળીને તેઓ આવ્યાં બાદ તેમને પણ આ ફલુનો રોગ લાગુ પડ્યો. માતાજી ગૂઢવિદ્યાના જાણકાર હોવાથી તેમને તે વખતે એક અનુભવ આવ્યો.

તેઓ ફલુના તાવમાં સપડાઈને પોતાના ઓરડામાં પડ્યાં હતાં, ત્યારે તેમને એક પ્રેતાત્મા પોતાની તરફ ઢસડાતા પગલે આવતો દેખાયો. તેની ખોપડીનું ડાબું

અંગ બૉંબ વિસ્ફોટમાં ઊડી ગયું હતું. શરીરનાં કપડાંના ચીથરાં થઈ ગયાં હતાં. શરીર લોહીલુહાણ થઈ ગયું હતું. એક પગમાં ખોડંગાતો હતો, આંખો બહાર નીકળી ગઈ હતી.

તે માતાજીની પથારી પાસે આવ્યો અને ઝૂકીને માતાજીની પ્રાણ-શક્તિ ચૂસવા લાગ્યો. માતાજીને નબળાઈ જણાવા લાગી. માતાજીએ પ્રભુની શક્તિનું આવાહન કરી પોતાના શરીરમાં સ્થિર કરતાં જ તે પ્રેત ત્યાંથી ભાગી છૂટ્યું. માતાજીએ આ ઉપરથી તારણ કાઢ્યું કે પ્રથમ મહાયુદ્ધમાં જે સૈનિકો અચાનક જીવનમાંથી બહાર ફેંકાઈ ગયાં તેમની જીવવાની તીવ્ર ઇચ્છાને કારણે તેઓ બધાં આવો રોગચાળો ફેલાવીને મરનારા માનવીની પ્રાણશક્તિ ચૂસીને પોતે જીવવા હવાતિયાં મારી રહ્યાં છે. આવા અવગતીયા જીવોથી સંરક્ષણ મેળવવાનો એક જ ઉપાય છે - નિર્ભયતા અને પ્રભુની શક્તિને પોતાના સ્વરૂપમાં ઝીલવાની ક્ષમતા.

માંદગી આવતા તેનો માનવી બે રીતે પ્રતિભાવ આપતો હોય છે. એક એવો કે હું માંદગીનું કારણ શોધીને નિરામય થઈ બતાડીશ. આવા લોકો અચૂક પ્રગતિ કરતા હોય છે. બીજા એવા હોય છે જે કહે છે અમારા દુર્ભાગ્ય, અમે તો તદ્દન લાચાર થઈ ગયા છીએ. આવા લોકો રોગને જાણે આમંત્રણ આપતા હોય છે.

સારાંશ, નિર્ભેળ શ્રદ્ધા અને આત્મ-વિશ્વાસ આમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આવી શ્રદ્ધા હોય તો જીવનભર તેને તે મદદરૂપ થાય છે. આવી શ્રદ્ધા આપણા સ્વરૂપમાંની સમતુલાને જાળવી રાખે છે. એ જ તેના પ્રભાવનું રહસ્ય છે.

શરીરની સમતુલા બગડતા જ શરીરમાં એક જાતની અશાંતિ વ્યાપે છે. તે એક પ્રકારની બેચેનીભર્યા તાવ જેવી લાગે છે. આ અસમતુલાનો પ્રદેશ જો શોધી શકીએ તો આધ્યાત્મિક ઉપાયોથી તે અસમતુલાને ફરી સંતુલિત કરી શકાય છે. ફક્ત તે ભાગ કેટલો ગ્રહણશીલ છે તે મહત્ત્વનું છે. નિરામયતા પ્રાપ્ત કરવા તેટલો સમય વધુ કે ઓછો લાગે છે. આ કામ થોડી સેકંડોથી માંડી

થોડા મહિનાઓ સુધી લંબાય છે.

શ્રી માતાજીએ દર્શાવેલા બે આધ્યાત્મિક ઉપાયો નીચે મુજબનાં છે :

(૧) આપણા સ્વરૂપમાં રહેલ અસમતુલા કે વિસંવાદ જે રોગનું કારણ છે તેનું નિવારણ કરવું. આવો વિસંવાદ દબાવી દેવાથી કે તે તરફ દુર્લક્ષ્ય કરવાથી નષ્ટ થતો નથી પણ સંવાદ સ્થાપવો એટલે બે સત્યો જે પરસ્પર વિરોધી લાગે છે, તેઓ એક વધારે વિશાળ સત્યનાં બે પૂરક પાસાં સ્વરૂપ છે એવી સમજણ વિકસાવી પેલા વિશાળ સત્યમાં પોતાની ચેતનાને આરોહણ કરાવવામાં રહેલ છે.

(૨) જે ભૌતિક અને શારીરિક ભાગ માંદગીમાં સપડાઈ ગયો છે તેની ઉપર પ્રકાશ અને ઊર્ધ્વશક્તિને કેન્દ્રિત કરવી અને ત્યાં એકાગ્રતા રચી તે ભાગને નિરામય રહેવાનાં સૂચનો મોકલવાં. થોડા દિવસ આમ કરવાથી તે ભાગ ધીમેધીમે પોતે જ રોગમુક્ત થવાની ક્રિયા શરૂ કરશે. આ અસરગ્રસ્ત શારીરિક ભાગ નીચે પ્રાણમય કક્ષાએ કે મનોમય કક્ષાએ કોઈ દુવિધા કે આંટી હોય છે તેનું નિરાકરણ થતાં જ તે ભાગ પોતે જ આરોગ્ય પ્રાપ્ત કરવા માંડે છે.

માંદગી એક જૂઠાણું છે, જૂઠાણું એટલે અવચેતન અને અચેતનનો દિવ્યતાને અથવા સત્યને થતો વિરોધ. આવો અવરોધ પ્રભુકૃપા જ નિવારી શકે છે, તેથી પ્રભુની કૃપાને શરીરનાં કોષેકોષમાં અવતરણ કરાવવું આ જ સાચો ઉપાય છે. પ્રભુકૃપા જ્યાં નિર્ભયતા, સ્વસ્થતા, શાંતિ, પ્રકાશ અને વિશાળતા હોય ત્યાં જ કાર્ય કરે છે. તેથી પ્રભુની કૃપાને આપણા કોષોમાં સ્થિર કરવા આપણે વિસંવાદનો આત્મવિશ્વાસથી દૃઢતાથી, શાંતિથી, સમતાથી, સત્ય ચેતનામાં રહીને વિરોધ કરતા શીખવું પડે છે.

જીવનમાંના બધાં પ્રસંગો સામાન્ય જીવનનું ઘડતર કરીને તેને દિવ્ય-જીવનનો ઘાટ આપવા જ આવતા હોય છે. આપણી ચેતનાના વિકાસને મદદરૂપ થવા જ તેમની ગોઠવણી પ્રારબ્ધ તરીકે કરેલી હોય છે. પણ તેમની ઘડતરની પદ્ધતિ એવી અટપટી અપ્રત્યક્ષ અને ગૂઢ છે કે આપણને તે સમજવી મુશ્કેલ જાય

(અનુ.પૃ.૩૬ ઉપર)

## સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

# લાગણી અને ઊર્મિ વચ્ચેનો તફાવત

પ્રકરણ - ૩૧

(ખંડ-૨, પૃ.૧૬૧-૧૬૩)

(૬-૮-૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**શિષ્ય :** ઊર્મિઓ અને લાગણીઓ વચ્ચે તફાવત લાગે છે. લાગણીઓનો ઉદ્રેક થાય છે. તેમાં માનસિક વિચારની પ્રક્રિયાને જાણે સમય જ રહેતો નથી. દા.ત. ક્રોધ. જ્યારે ઊર્મિઓ વિચાર અને ચિંતનથી બંધાતી હોય છે તે શાંત, સ્થિર, કાયમી સ્વરૂપની લાગે છે. દા.ત. દેશપ્રેમ.

**શ્રી અરવિન્દ :** આવા ભેદો જૂના માનસશાસ્ત્રમાં પાડેલાં છે. આજનું માનસશાસ્ત્ર બન્નેને એક જ ગણે છે. પણ તે માટે લાગણી શબ્દને આપણે ખૂબ જ વિશાળ અર્થમાં લઈએ છીએ. દેશપ્રેમ પણ લાગણી જ છે. પછી ભલે તે આદર્શોને કારણે ધીમેધીમે બંધાએલી હોય. પણ વ્યવહારમાં આપણે લાગણી શબ્દ આટલા વિશાળ અર્થમાં ભાગ્યે જ વાપરીએ છીએ. બીજું, ઊર્મિ પાછળ વિચાર-ચિંતન પ્રક્રિયા હોય જ છે એવું પણ નથી. કીડીઓમાં પણ સંઘભાવના હોય છે. તેઓ બીજા રાફડાની કીડીઓનાં હુમલાને શિસ્તબદ્ધ રીતે જીવનની કુરબાની દઈને પણ ખાળે છે. શું આ તેમના રાફડારૂપી રાષ્ટ્ર પ્રત્યેનો દેશપ્રેમ નથી ? સમૂહની ભાવના પશુઓમાં પણ સ્વાભાવિક જ છે.

માનવ તેના આજુબાજુ આદર્શો અને ચિંતનનું જાળું ગૂંથે છે. તે ઉપર ભાષણો આપે છે. પોતાને ઉચ્ચપ્રકારનું પ્રાણી ગણે છે. આ બધું મિથ્યાભિમાન સિવાય કાંઈ નથી. સંઘ-ભાવના આ પ્રાણમય પ્રકૃતિએ નિર્માણ કરેલી ઘટના માત્ર છે, જે પશુ અને માનવ બન્નેમાં સમાન પ્રકૃતિ છે.

**શિષ્ય :** ગીતા પણ કહે છે કે એકાદી વસ્તુ બાબત સતત વિચાર કરવાથી તે માટે આદર્શ સ્વરૂપ આસક્તિ આકર્ષણ (સંગ) નિર્માણ થાય છે (ધ્યાયતો વિષયાન્ પુંસઃ સંગ સ્તેષૂપજાયતે)

**શ્રી અરવિન્દ :** ગીતા આમાં ઊર્મિ કેવી રીતે રચાય છે તેની પ્રક્રિયા નથી વર્ણવી રહી એ તમારો ખ્યાલ ખોટો છે. કારણ આ મુજબ તો વિચાર પ્રથમ નિર્માણ થવો જોઈએ અને તેના આધારે લાગણી નિર્માણ થવી જોઈએ પણ જીવનમાં આવો ક્રમ ઘણી વખત દેખાતો નથી. ઘણી વખત તો લાગણી પ્રથમ ઉપજે.

મારો કહેવાનો સાર એ જ છે કે માનવને પ્રાણી તરફથી મળેલો વારસો માનવે સાચવી રાખેલો છે અને તે વધારે પડતો પ્રાણમય પ્રકૃતિનો વારસો છે. કારણ પશુ તેવો જ વારસો આપવા સક્ષમ હતા. પશુઓમાં પણ લાગણી અને ઊર્મિઓ હોય છે. કૂતરામાંની સ્વામી-નિષ્ઠા ઊર્મિનો પ્રકાર છે. તેને કોઈ પ્રસંગે માલિકનો ભય લાગે તો તે લાગણી છે.

સાચી વાત એમ છે કે માનવ મનોમય પ્રાણી હોવાથી તેણે પ્રાણમય પ્રકૃતિ અને મનોમય પ્રકૃતિનો સંયોગ કરીને, પ્રાણમય મન એવું એક ચેતનાનું નવું સ્તર રચેલું છે. લાગણીઓ પ્રાણમય - ચેતનામાં, જન્મે છે. જ્યારે ઊર્મિઓ પ્રાણમય મનમાં. આ માનવે કરેલો પોતાનો ફેરફાર છે. પ્રાણીઓમાં મન પાર્શ્વભૂમીમાં હોવાથી પ્રાણમય મન આવું જુદું સ્તર તેઓ રચી શક્યા નથી એટલું જ.

---

(પૃ.૩૪ ઉપરથી)

## વિદ્યાર્થીઓને માર્ગદર્શન

છે. અવરોધો આપણી ચેતનામાં પરિવર્તન કરવા આવતા હોય છે. આ અપેક્ષિત પરિવર્તન જ્યાં સુધી ન થાય ત્યાં સુધી અવરોધોનું દબાણ વધતું જ જાય છે. પણ તે પરિણામ આવતા જ અવરોધો પોતાની મેળે નષ્ટ થઈ જાય છે. તેથી દુઃખ અને સમસ્યાઓ પાછળનું રહસ્ય જેટલું આપણે વહેલું ઉકેલી શકીએ તેટલું દુઃખ અને સમસ્યાનું નિવારણ વહેલું આવે છે. સુખી થવાનો આ ચોક્કસ અને ખાતરીલાયક ઉપાય છે. ઊર્ધ્વચેતનામાં આરોહણ કરાવવા માટે જ દુઃખો અને સમસ્યાઓ આવતી હોય છે. (ક્રમશઃ)

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

# સમર્પણભાવ અને પ્રયત્ન (૪૦-૪૧)

પ્રકરણ - ૨૭

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૬૯-૭૦)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**પ્રભુ જો મને નરકમાં નિવાસ આપે તો મારે પછી સ્વર્ગમાં જવાની અભીપ્સા શા માટે કરવી એ હું જાણતો નથી. મારે માટે કઈ વસ્તુ કલ્યાણકારક છે તે પ્રભુ બરાબર જાણે છે (૪૦)**

''માતાજી, સ્વર્ગ અને નરક સાચેસાચ છે?''

''જે લોકો તેમાં શ્રદ્ધા રાખે છે તેમને માટે તે સાચા જ છે. આ બધી મનોમય સૃષ્ટિઓ છે, ભૌતિક સૃષ્ટિ નથી. મૃત્યુબાદ જીવ જ્યારે પોતાના ભૂતકાળના સંસ્કારોને વાગોળે છે ત્યારે તે પોતાની આજુબાજુ તેવી મનોમય સૃષ્ટિ રચે છે. જેમ સ્વપ્ન જોનારને તે વખતે સ્વપ્ન સાચું જ લાગે તેવી આ વાત છે, તો તે મુજબનાં જ અનુભવો અને તેના પરિણામો તેની ચેતના ઉપર નિશ્ચિત થવાનાં જ છે. સારાંશ, સ્વર્ગ અને નરક આ ચેતનાની એક અવસ્થા છે, વાસ્તવિક જગત નથી. પણ તે ચેતનાની અવસ્થા સામૂહિક હોય તો બધા જ તે મુજબનાં જગતનો અનુભવ કરે છે.

માનવચેતના સ્વર્ગ અને નરક બન્ને પોતાને માટે ઊભું કરી શકે છે. જીવન જીવતી વખતે જો જીવનમાંની આસુરી વૃત્તિઓ ઉપર પોતાનું નિયંત્રણ ન સ્થાપી શકીએ તો આપણે નરક રચીશું અને તે ઘેરા અવસાદ, નિરાશામાં માણસને ધકેલી દે છે.

માણસની ચેતના સ્વર્ગ કે નરકમાં રહે છે તે મહત્ત્વનું નથી. તે રહેવાસને કારણે ચેતનાનો વિકાસ થવાનો છે, તેનો કોઈ મક્કમ પાયો નખાય છે તે જ

મહત્ત્વનું છે. પ્રભુને સમર્પિત ભાવ જ આ રીતે ચેતનાના વિકાસને મદદરૂપ થાય છે. પ્રભુને એમ લાગે કે નરકવાસ આની પ્રગતિ કરાવશે તો તે પણ સહર્ષ સ્વીકારવાની તૈયારી જોઈએ.

પણ નકરવાસને કારણે આત્મપીડનમાં રસ લેવાની વિકૃતિ ન રચાવી જોઈએ. આત્મપીડન એ તો વિકૃતિ છે. પ્રગતિ નથી. તેથી શ્રી અરવિન્દ જણાવે છે કે જો તમને એમ લાગે કે નરકમાંથી ઉપર ઊઠવાની પ્રભુ પ્રેરણા આપે છે તો તેવો પ્રયત્ન કરવો જ જોઈએ. આ વિચાર તેઓ પોતાના વિચાર સૂત્ર ૪૧માં નીચે મુજબ જણાવે છે :

**''પ્રભુ મને જો સ્વર્ગ તરફ ખેંચતા હોય તો પછી, તેનો બીજો હાથ મને નરકમાં રાખવાનો પ્રયત્ન કરે તો પણ મારે ઉપર ચડવા માટે જ સખત પ્રયત્ન કરવો જોઈએ'' (૪૧)**

તમસમાં રહી કોઈ પ્રયત્ન જ ન કરવો અને પ્રભુને સમર્પિત રહીને છે તે સ્થિતિમાં સંતોષ માનવો એ બે વચ્ચે મહદ્-અંતર છે. એકમાં જડતા છે, આળસ છે, પ્રગતિની ઇચ્છા નથી. બીજામાં પ્રભુ પ્રત્યે સમર્પણભાવ છે પણ સાથે સાથે પ્રગતિની ઇચ્છા પણ છે, પ્રયત્ન પણ છે.

પ્રભુની ઈચ્છા જાણવાની તાલિમ આપવા ઘણી વખત પ્રભુ તેને વિરોધાભાસી પરિસ્થિતિ રચે છે. માણસને સમજાતું નથી કે પ્રભુની ખરેખર ઇચ્છા શું છે ? ત્યારે એક જ પર્યાય છે જાણવાનો. પ્રભુ સતત આપણી ચેતનાનો વિકાસ ઇચ્છે છે. તેથી તેમાં વિકાસની દિશા કઈ તરફ જાય છે, તે જ માર્ગ બેમાંથી સ્વીકારી આપણે આગ વધવું પડશે. પ્રકૃતિની વિકસાવવાની આ પદ્ધતિ છે. તેમાં તે બે પરિબળો વાપરે છે અને તમે તેમાંથી પ્રગતિકારક પરિબળને જ પસંદ કરો છો તેમ કરતા તમને શીખવે છે.

માણસે પ્રયત્ન તો સતત કરતા રહેવું પણ તે યશસ્વી ન થાય તો દુઃખ ન માનવું. ફરી વધારે સારા પ્રયત્ન માટેની તૈયારી કરવી. એક દિવસ તમે પ્રગતિ કરવામાં યશસ્વી થશો જ.

# આત્મસિદ્ધિ

- શ્રી અરવિન્દ અને શ્રી માતાજી

## દિવ્ય-પ્રેમ અને તેની કાર્યપદ્ધતિ

(પુસ્તિકા પૃ.૨૩-૩૦) પ્રકરણ - ૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ગતાંકથી ચાલુ)

આવી રીતે પ્રકાશમય પ્રભુ સમર્પણને આપણે આપણા વિચારો, ભાવનાઓ અને કર્મો દ્વારા અભીપ્સા સેવી પ્રગટાવી શકાય છે. આને જ કહેવાય છે પ્રભુ પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરવી. જ્યારે આવા ખુલ્લાપણું આવે છે ત્યારે તે ઊર્ધ્વમાં રહેલ પ્રકાશ નીચે અવતરણ પામવા માંડે છે. તે કોષોના આંતરતમ ભાગમાં પ્રવેશીને બધાં જ કોષોને પ્રકાશવંત બનાવી દે છે. આથી જ ભાગવત હાજરી અનુભવાય છે. આનંદનું શરીરમાં તીવ્રવેગે અવતરણ થતાં શરીર તેજોમય બની જાય છે.

આ માટે અભીપ્સા મજબૂત અને તીવ્ર કરવા સાદ આપવો, પ્રાર્થના કરવી, અભીપ્સા સેવવી જરૂરી છે. તે સાથે હૃદયમાં, ભ્રૂમધ્યમાં કે મસ્તકની ઉપર સાધકો કોઈપણ એક સ્થળે એકાગ્રતા કરે છે. એકાગ્રતા જો પોતાનું કેન્દ્ર બદલે તો તેને સહજ રીતે બદલવા દેવાની જરૂર છે. ખોટો આગ્રહ ન રખાય. મન અચંચળ, સ્થિર, નીરવ થવું મહત્ત્વનું છે અને તે વસ્તુ સમય માંગી લે તેવી છે. જેટલા પ્રમાણમાં ખરાબ વિચારો, ભાવનાઓ અને ક્રિયાઓને પેલા પ્રકાશમાં ધરી તેને પ્રકાશથી ઓતપ્રોત કરશો અને તેમ કરી તેમાંથી છુટકારો મેળવશો, તેટલા પ્રમાણમાં વિજયની ખાતરી વધતી જશે.

દરેકે સમર્પણમાં તેની પાસે જે છે, જે સ્થિતિમાં છે, જેટલું છે તે જ સમર્પિત કરવાનું છે. વધારે પ્રભુ માંગતા નથી અને તમે દઈ પણ શકતાં નથી. સાધકો પ્રભુને આપવાને બદલે તેમની પાસેથી પોતાની અપેક્ષાઓ સંતોષવાનો આગ્રહ

રાખે છે. પ્રભુ આવી ખોટી માગણી સ્વીકારતો નથી. તે ચેતનાના વિકાસ માટે જે, જેટલું, જે સમયે જરૂરી હશે તે, તેટલું અને તે સમયે આપે છે.

પોતાની અપેક્ષા મુજબ પ્રભુને આપવાની ઈચ્છા રાખવી આનો અર્થ છે અધૂરું અથવા દિખાવી સમર્પણ. તે સાચું અને પૂર્ણ સમર્પણ હોતું જ નથી.

આપણા જે વિચારો પ્રભુ તરફ વળે છે તે વિચારો પ્રભુનો પ્રકાશ ધારણ કરવા માંડે છે અને તે પ્રકાશ સ્વરૂપે પ્રભુ ત્યાં હાજર જ હોય છે. આપણી અભીપ્સા જ પ્રભુની ગુપ્ત હાજરીને પ્રગટ કરવા માંડે છે. આપણી ભૂલોને કારણે પ્રભુની હાજરી અનુભવાતી બંધ પડી જાય છે. શ્રી અરવિન્દ તેને બંધ દરવાજા કહે છે તે ખોલવાની ચાવી એટલે આપણી ભૂલો પ્રાંજળપણે કબૂલ કરીને પ્રભુના પ્રકાશને ફરી ત્યાં લાવવો તે દ્વારા પ્રભુની હાજરી ફરી અનુભવાય છે.

વ્યક્તિગત ચેતનાના વિકાસમાં આ રીતે પ્રભુની હાજરી અનુભવવી જરૂરી છે. પણ તે માટે અનુકૂળ પરિસ્થિતિ અને વ્યક્તિગત પ્રયત્નો પણ કરતા રહેવા જરૂરી છે.

પ્રભુ પ્રત્યેના દિવ્ય-પ્રેમને અર્થાત્ પ્રકાશને પ્રાપ્ત કરેલા લોકોને 'યોગક્ષેમ'નું ખાસ સંરક્ષણ આપેલું હોય છે અને આંતરિક દિવ્ય-આનંદનો અખૂટ ઝરો આપેલો હોય છે, તેથી તેઓ બધી જ મુશ્કેલીઓ સહેજ રીતે પાર કરી જાય છે.

પૂર્ણ સમર્પણમાં દિવ્ય-કર્મો સહજ રીતે થવા માંડે છે. તેની માટે સંકલ્પશક્તિનો તપઃશક્તિનો પ્રયોગ લગભગ નહિવત બની જાય છે. તપઃશક્તિ પ્રભુથી સંચાલિત થઈ જાય છે, તેથી સાધનાની ગતિ ખૂબ જ વધી જાય છે. આપણી વ્યક્તિગત તપઃશક્તિ ત્યારે પ્રભુની વૈશ્વિક તપઃશક્તિ સાથે જાણે જોડાઈ ગએલી હોય છે અથવા એમ કહો કે આપણા સંકલ્પો અને પ્રભુનાં સંકલ્પો એક બની ગએલાં હોય છે. છતાં પ્રસંગે વ્યક્તિની તપઃશક્તિ પોતાની મેળે જ સક્રિય બનીને પ્રભુના સંકલ્પોને અનુસરતી અનુભવાય છે.

પણ ઉપરની પરિસ્થિતિ નિષ્ક્રિય જડ સમર્પણનો દાખલો નથી. નિષ્ક્રિય જડ સમર્પણ તમસના કારણે નિર્માણ થાય છે અને પ્રભુનો આશ્રિતભાવ તો આપણે યોજલી સક્રિય સમર્પણભાવના પરિણામરૂપ આવેલો હોય છે. તે અભ્યાસથી સહજ, વિનાસાયાસ થએલો હોય છે એટલું જ. તેમાં પ્રભુની આંતરપ્રેરણાઓ આપણને માર્ગદર્શન આપતી હોય છે અને આપણે સહજ રીતે તેને અનુસરતા

હોઈએ છીએ.

વ્યક્તિગત તપઃશક્તિ પ્રભુના તપઃશક્તિના મેળમાં છે તેની ખાતરી આપણો અંતરાત્મા આપે છે. પણ પ્રભુના સંકલ્પ સાથે મેળ સાધવા નીચેની ચાર શરતો પાળવી પડે છે :

૧ સંકલ્પને સાચા દિલથી સ્વીકારવાનો હોય છે. તેમાં લાચારી, વ્યવહારુ ગોઠવણ, દિખાવી વૃત્તિ ન હોવી જોઈએ.

૨ તેની સાથે આપણી કોઈ કામના, ગુપ્ત માંગણી કે આસક્તિ જોડાએલી ન હોવી જોઈએ.

૩ મનને નીરવ કરીને અંતરાત્માનું સૂચન કે અવાજને અનુસરવું જોઈએ.

૪ આદેશ મળતાં જ વિના વિલંબે તર્કબુદ્ધિને કે વ્યવહારુ બુદ્ધિને તેની યોગ્યતાની ચકાસણી કરવા ન કહેતા પ્રભુ આદેશના ભાવથી તરત અમલ કરવો જોઈએ.

આ માટે અભ્યાસની જરૂર છે. પૂર્ણ અને સર્વાંગી સમર્પણ આ પ્રક્રિયાને ઝડપી બનાવે છે અને પ્રભુ સંકલ્પ બાબત સાચી સમજણ આપે છે.

આપણી દ્વારા પ્રભુનો સંકલ્પ કે તપઃશક્તિ કાર્ય કરી રહી છે. તે જાણવા માટે સાધનામાં ખૂબ આગળ જવાની પણ જરૂર નથી. ફક્ત તે માટે નીચેની વાત કરવી જરૂરી છે :

૧ અંતરની નીરવતામાં અંતરાત્માનો ઝીણો સાદ સાંભળવાની ક્ષમતા મેળવી લેવી.

૨ પ્રભુનાં સંકલ્પ વિરુદ્ધનું તમારું વર્તન કે વિચાર હૃદયમાં બેચેની દર્શાવે છે. તેને અવગણવાનું નહિ અને તત્કાળ આપણા વર્તન, વિચારને છોડી દેવાનો સંકલ્પ કરવો.

૩ હૃદયની બેચેની બાબત સ્થૂળ કારણો આપી પોતાને ગેરમાર્ગે દોરવાતા રોકો.

૪ હૃદયમાં ઊંડા ઉતરશો તો તમારા કાર્ય, વિચારનો ગુપ્ત અને મલિન હેતુ તમને દેખાશે. તેને તત્કાળ ત્યાગો. તમારી પ્રકૃતિમાં પડેલ આંટીને તરત ઉકેલી નાખો.

દિવ્ય-પ્રેમ આ રીતે તપઃશક્તિ મારફત ધીમેધીમે પ્રગટ થાય છે અને કાર્ય કરે છે.

## જાતક કથાઓ - માનસિંહ ચાવડા

# ઉપકારનો બદલો

પ્રકરણ - ૨

સુવર્ણનગરીનો શેઠ ખૂબ જ ધનાઢ્ય. તેનો પુત્ર ધનક પણ લાડકોડથી બગડેલો. ભણ્યોગણ્યો જ નહિ.

માતાપિતા ગુજરી જતાં બધી સંપત્તિ તેણે જુગારમાં, મોજમજામાં ઉડાડી નાખી. દેવું થયું. દેવેદાર ઉઘરાણી કરવા લાગ્યા. કંટાળીને તેણે આત્મહત્યા કરવા નદીમાં પડતું મૂક્યું. સામે કાંઠે એક સુવર્ણમૃગ આ જોઈ રહ્યું હતું. તેને દયા આવી. તેણે ધનકને બચાવી લીધો.

તે રાત્રે રાજાની રાણીને સપનામાં સુવર્ણમૃગ દેખાયું. તેણે રાજાને વાત કરી. રાજાએ મંત્રીઓને વાત કરી. મંત્રીઓએ રાજ્યમાં ઢંઢેરો પિટાવ્યો. જે રાજાને સુવર્ણમૃગનું રહેઠાણ બતાડશે તેને એક લાખ સોનામહોર આપવામાં આવશે. ધનકને ઢંઢેરો સાંભળી મોહ જાગ્યો. તેણે રાજાને જઈ સુવર્ણમૃગનું રહેઠાણ બતાડ્યું. રાજાએ હરણ પકડ્યું. સુવર્ણમૃગને પોતાનું રહેઠાણ કોણે દર્શાવ્યું તે જાણવું હતું. રાજાને પૂછતાં તેમણે ધનકનું નામ જણાવ્યું. સુવર્ણમૃગે રાજાને પોતે ધનકને કેવી રીતે બચાવ્યા તેની સાચી વાત કરી. રાજાએ ધનકને ફાંસીની શિક્ષા ફરમાવી.

પણ સુવર્ણમૃગને દયા આવી. તેણે તેને માફ કરવાની વિનંતિ કરી. રાજાએ ધનકને માફ કર્યો, સાથે સાથે દયાળુ સુવર્ણમૃગને પણ છોડી મૂક્યું.

## વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવતા

## ઇન્દ્ર : પ્રકાશમય મન

પ્રકરણ - ૬

ત્રણ લોકની ત્રણ ચેતના છે : ભૌતિક શરીરની અગ્નિ, સૂક્ષ્મ શરીરની વાયુ. કારણ શરીરની સૂર્ય, ભૌતિક શરીરમાં ચેતના કોષોમાં પ્રવેશી ત્યાં સ્થિર થાય છે તેથી તેને અગ્નિ ગતિ વગરનો સ્થિર પ્રકાશ કહે છે. સૂક્ષ્મ શરીરમાં આ સ્થિર થએલી ચેતના વિશાળ બને છે, ચારે તરફ વાયુની જેમ ફેલાય છે. તેથી વાયુ કારણ શરીરમાં તે સ્થિર અને વિશાળ ચેતના પોતે વધુ એકાગ્ર થાય છે, વધારે પ્રજ્વલિત અને પ્રકાશિત થાય છે તેથી સૂર્ય.

આ ત્રણે ચેતનાના તબક્કાઓમાં સમન્વય સાધવાનું કામ ઈન્દ્ર કરે છે. તે કામ ઈન્દ્ર ત્રણે ચેતનામાં આનંદને રેડીને કરે છે. આ આનંદને વેદોમાં 'સોમ' કહ્યો છે. તેથી ઈન્દ્રને સોમપાનનો શોખીન વર્ણવ્યો છે. ઈન્દ્ર ત્રણે ચેતનાને અગ્નિ, વાયુ, સૂર્યને આવરી લે છે તેથી તેનું ઉદર વિશાળ સરોવર જેવું હોઈને તેમાં સોમરસ છલોછલ ભરેલો છે એમ જણાવે છે. તેથી વેદો જણાવે છે કે હૃદા ઈવ કુક્ષયઃ સોમધાના (ઋ ૧-૭-૨) હૃદા એટલે સરોવર કુક્ષયા એટલે પેટ, ઉદર અને સોમધાના એટલે સોમરસને ધારણ કરનાર.

ઈન્દ્રનો સંકલ્પ અફર છે તે ઉપરની ત્રણે ચેતનાને પરમ-ચેતના સાથે જોડી દેવા કૃતબદ્ધ છે. તેથી તેને 'વજ્રી' કહ્યો છે. વજ્ર (હીરા) જેવો મજબૂત. તેનો પ્રકાશ સુવર્ણમય છે હિરણ્યયઃ (ઋ ૧-૭-૨) કારણ તેણે ચેતનાના પ્રકાશને પોતે ધારણ કરી રાખેલ છે. તે પોતે પ્રકાશમય મન છે. (illumined Mind). તે આ પ્રકાશમય મન દ્વારા જ ત્રણે ચેતનાનું સંઘટન કરે છે. તેથી તેને હિરણ્યબાહુઃ જેના હાથ સુવર્ણમય છે એમ કહેલ છે.

તે મૂળતઃ મનદ્વારા કાર્ય કરનારી મનોમય-ચેતના છે. તેથી તેનો રથ મનથી સંચાલિત છે એમ કહેવામાં આવે છે. યસ્તો રથો મનસો જવીયાન્..... (ઋ. ૧૦.૧૧૨.૨) તેમના રથને બે હરિત રંગના ઘોડા જોડેલાં છે. આ દ્વાભ્યાં હરિભ્યમિન્દ્ર યાહ્યા (ઋ - ૨-૧૮-૪) હરિત રંગ પ્રાણમય ઉત્સાહનું પ્રતીક છે. તેથી તે પોતાના કાર્યમાં પ્રાણમય ઉત્સાહથી કાર્ય કરે છે એમ સૂચવેલ છે. જ્યોતિષમાં મનને ચંદ્ર અને આત્માને સૂર્ય કહ્યો છે. તેથી વેદો જણાવે છે કે ઇન્દ્ર ચંદ્રરૂપી મન અને સૂર્યરૂપી ચૈત્યપુરુષને ઊર્ધ્વગતિ આપે છે.

સૂર ચંદ્ર પ્રવૃહજ્જાત ઓજસા.(ઋ - ૧-૧૩૦-૯) આ ગતિ તે પોતે ધારણ કરેલી આત્મપ્રભા (ઓજસા) વડે આપે છે. તેમની માતા તરીકે 'દ્યૌ' (આત્મપ્રભા)ને જ ગણવામાં આવે છે. તે જનિતા મન્યત દ્યૌરિન્દ્રસ્ય (ઋ-૪-૧૭-૪) આ રીતે જોતા વિશ્વ-ચેતનાનું તે સક્રિય કેન્દ્ર છે - મુખ છે. તેથી જ ઇન્દ્ર અને અગ્નિને વિશ્વપુરુષના મુખમાંથી જન્મેલા કહ્યાં છે. મુખાદિન્દ્ર શ્ચાગ્નિ શ્ચ..... (ઋ-૩-૪૬-૩) ઇન્દ્રે આ રીતે આત્માને આવૃત કરનાર અજ્ઞાન જેને વૃત્રાસુર કહે છે તેને હણ્યો છે અહન્વૃત્રં વજ્રેણ મહતા (ઋ - ૧-૧૦-૩૨) તેથી તેને વૃત્રહન્, વ્રાજિન કહે છે. વ્રાજીન એટલે વજ્રને ધારણ કરનાર. તેઓ પોતાના આ મહાન કાર્યમાં મરુતોની મદદ લેતા હોય છે. તેથી તેઓને 'મરુત્વાન ઇન્દ્ર' કહે છે. અથવા 'ઇન્દ્રવાયુ' કહે છે.

ઇન્દ્રના આ ખાસ કાર્યને લીધે તેમને બુદ્ધિમાન કહે છે ધિયસ્પતિ શવસસ્પતિ (ઋ-૪-૪૭-૭) આવી રીતે ઇન્દ્રે અચિત્નાં, અજ્ઞાનનાં નેવું દુર્ગો, કિલ્લાઓનો નાશ કરેલ છે. તેમાં તેને મરુતો સાથે અગ્નિની પણ મદદ મળેલી છે. ઇન્દ્રાગ્નિ નવતિં પુરો દાસપત્ની રધુનુતમ્ (ઋ-૩-૧૨-૬) નેવું એ માટે લખ્યું છે કે તેમણે ઘણું ખરું અજ્ઞાન નાશનું કાર્ય કરવા છતાં તે પૂરું તો કરી શકતા જ નથી. મનથી (બુદ્ધિથી) પૂરેપૂરું અજ્ઞાન નાશ થતું જ નથી. અજ્ઞાનનો સંપૂર્ણ નાશ કરવા માટે તો બુદ્ધિથી પર એવા આત્મતત્ત્વને જ અંતે સક્રિય કરવો પડે છે.

ઇન્દ્ર અને અગ્નિ આ જ પ્રાણ અને ઉદાન વાયુ છે ઇન્દ્રાગ્ની હિ પ્રાણોદાનૌ (શત. બ્રા. ૪-૩-૧-૨૨) પ્રાણવાયુનું કામ બધાંને સાથે લઈ સંચાલિત કરવાનું છે

ઉદાનવાયુનું કામ બધાને ઊર્ધ્વગામી કરવાનું છે. તેથી બધા જ દેવોને આ કાર્ય માટે ઇન્દ્ર અને અગ્નિને સ્વીકારવા પડે છે તેથી વેદો જણાવે છે કે ઇન્દ્ર અને અગ્નિ જ બધાં દેવો દ્વારા કાર્ય કરે છે (ઇન્દ્રાગ્ની વૈ સર્વે દેવાઃ (શત-બ્રા ૬-૧-૨-૨૮)

ઈન્દ્ર વરુણ સાથે પણ સહયોગ સાધે છે. તેઓ સમગ્ર માનવજાતને ધારણ કરી રાખે છે એમ કહ્યું છે. ધર્તારા ચર્ષણીનામ્ (ઋ ૧-૧૭-૨) ચર્ષણી એટલે માનવમેદની. મોટા સમૂહો નિર્માણ કરી તેમનું સંઘટન રચવું એ કાર્ય ઇન્દ્ર અને વરુણનાં છે. વરુણ ચેતનાની વિશાળતા આપે છે. ઇન્દ્ર ચેતનાનો પ્રકાશ અને ઉત્સાહ. આ જ વસ્તુ વિશાલ સંઘટનોનાં પાયામાં પડેલી હોય છે. આ સંઘટનો જ વિશાળ ચેતનાને પ્રગટ થવાના જાણે માર્ગો, નહેરો ખોદે છે. વિશાળ ચેતનાને ‘વિષ્ણુ’ કહે છે. તેથી તેઓ વિષ્ણુના તેજમાં વધારો કરે છે એમ વેદો જણાવે છે. ઇન્દ્રા વિષ્ણુ સુતપા વામુરુષ્યતિ (ઋ - ૧-૧૫૫-૨)

આવું જ કાર્ય ઇન્દ્ર અને સોમ સાથે મળીને કરે છે. ઇન્દ્રાસોમા મહિ તદ્વાં મહિત્વં યુવં મહાનિ ચક્રથુઃ (ઋ - ૬-૭૨-૧) તેઓ પૃથ્વીને (મહિ) અર્થાત્ ભૌતિક-ચેતનાની વિશાળતાને વધુ વિશાળ કરે છે. (ક્રમશઃ)

---

(અનુ.પૃ.૩૧ ઉપરથી)

## વેદ-રહસ્ય

તું યજ્ઞવેદીને પ્રકાશથી (અરં) ભરી દે અને સમગ્ર શરીરને પ્રકાશનું ઈંધન બનાવી દે. ત્યાં પછી સનાતન ચેતના પ્રગટ થશે. અમે આ તારા યજ્ઞને વિસ્તારશું.

અગસ્ત્ય ઇન્દ્રનું બહુમોલ સૂચન માન્ય કરે છે. પોતાના તત્ત્વોનું રૂપાંતર આદરે છે. ઇન્દ્રને મરુતો સાથે સંધિ કરવા વિનંતી કરે છે અને પ્રભુના સંકલ્પાનુસાર (ઋત્ મુજબ) ચેતનાના વિકાસનો માર્ગ નક્કી થયો છે તે મુજબ જ સાધના કરવાનું આશ્વાસન આપી યજ્ઞનો આનંદ ભોગવવા વિનંતી કરે છે.

ઇન્દ્ર ત્વં મરુદ્ભિઃ સંવદસ્વાધ પ્રાશાન ઋતુથા હવીંષિ ॥

હે ઇન્દ્ર ! તું મરુતો સાથે સમાધાન કરી લે અને ઋત્‌ના આયોજન અનુસાર જ હવે આ હોમદ્રવ્યોનો આનંદ ભોગવ.

આ જ સત્ય બીજી રીતે ઋગ્વેદમાં ફરી જણાવેલ છે.

(વેદનું રહસ્ય ભા.૧ (ઋગ્ - ૧-૪) પૂ.૨૭૩-૨૭૬) (ક્રમશઃ)

# પ્રાસંગિક

## ''સહજ - સુન્દરમ્''

- હર્ષદ ઠકરાર

શ્રી સુન્દરમ્‌નો જન્મદિન ૨૨ માર્ચના છે. શ્રી સુન્દરમ્‌ના વ્યક્તિત્વને જુદી જુદી વ્યક્તિઓએ જુદી જુદી દૃષ્ટિથી મૂલવી છે, અનુભવી છે. જે કોઈ પણ વ્યક્તિ શ્રી સુન્દરમ્‌ના જીવનમાં સુન્દરમ્ સાથે જે રીતે સંપર્કમાં આવી તે રીતે મુલવણી કરે છે. કોઈએ સાહિત્યકાર તરીકે, કોઈએ કવિ તરીકે કે પછી કોઈએ શ્રી અરવિન્દ આશ્રમના અંતેવાસી સાધક તરીકે જુદા જુદા સમયે શ્રી સુન્દરમ્‌ના સંપર્કમાં આવેલ વ્યક્તિને સુન્દરમ્‌ના વ્યક્તિત્વનો એક જ સામાન્ય અનુભવ રહ્યો છે. સહજ-સુન્દરમ્‌નો, સુન્દરમ્ પ્રત્યેક વ્યક્તિને 'સહજ' અનુભવાણા છે.

આ સહજ વ્યતિત્વ એટલે શું ? સહજ વ્યક્તિત્વ એટલે એવું વ્યક્તિત્વ જે કોઈ પણ પ્રકારની સ્પૃહા, મહત્ત્વાકાંક્ષા, ભોગવૃત્તિ, બીજા કરતાં પોતે શ્રેષ્ઠ છે તેવી ભાવના વગેરે અવગુણોથી મુક્ત વ્યક્તિત્વ. સુન્દરમ્‌ના બાલ્યકાળથી તેમના અંતિમ દિવસો સુધી જે કોઈ પણ વ્યક્તિ સુન્દરમ્‌ના સંપર્કમાં આવી છે તે તમામ વ્યક્તિઓએ શ્રી સુન્દરમ્‌ને સહજ જ અનુભવ્યા છે. ક્યારે પણ સુન્દરમ્ મહત્વાકાંક્ષી કે અન્ય દુર્ગુણોથી યુક્ત અનુભવ્યા નથી.સામાન્ય રીતે મોટાભાગનો માનવ સમાજ પોતાનું જે ક્ષેત્ર હોય છે. તે ક્ષેત્રમાં પોતે સર્વશ્રેષ્ઠ છે, તેવી ભાવના મહત્ત્વાકાંક્ષા સેવતો હોય છે, જેમ કે ડૉકટર, વકીલ, ઉદ્યોગપતિ, સાહિત્યકાર, વેપારી વગેરે અથવા ધર્મના ક્ષેત્રમાં હોય તો ધર્મના વડા તરીકેનું સ્થાન પ્રાપ્તિની ઈચ્છા હોય છે. કોઈ પણ વ્યક્તિ 'બ્રહ્મ' બનવાની અભીપ્સા સેવતો નથી. સુન્દરમ્ 'સહજ'ભાવે 'બ્રહ્મ' બનવાની અભીપ્સા સેવતા હતા. આ અભીપ્સાની અનુભૂતિ આપણને શ્રી સુન્દરમ્ પ્રાથમિક શાળાના વિદ્યાર્થી હતા, તે સમયના એક વાક્ય, ''હું બ્રહ્મ છું એવા ઉચ્ચ વિચારો ઉચ્ચ દશામાં લઈ જાય છે.'', દ્વારા

થાય છે. આ વાક્ય દ્વારા સુન્દરમ્ બાળપણથી કેટલા સહજ હતા તેની અનુભૂતિ આપણને કરાવે છે. બાળપણની આ જ સરળતાએ જ શ્રી સુન્દરમ્‌ને શ્રી અરવિન્દ આશ્રમના અંતેવાસી સાધક બનાવી આપ્યા છે.

શ્રી માતાજીએ જણાવ્યું છે કે પૂર્ણયોગના સાધકે સૌ પ્રથમ પોતાનો અહંકાર ત્યાગવાનો હોય છે. શ્રી સુન્દરમે અહંકાર સેવ્યો જ નથી, જેનો અનુભવ શ્રી સુન્દરમે શ્રી અરવિન્દ આશ્રમના અંતેવાસી બન્યા તે ઘટનામાંથી પ્રાપ્ત થાય છે. શ્રી અરવિન્દ આશ્રમના અંતેવાસી તરીકે શ્રી માતાજીએ સુન્દરમ્‌ને સૌ પ્રથમ કાર્ય આશ્રમના ડાઈનિંગ રૂમની ટીફીન સેવાની હાથલારી સાફ કરવાનું સોંપ્યું હતું. આ કાર્ય સુન્દરમે શ્રી માતાજીની કૃપા તરીકે, જે હાથમાં સાહિત્ય સર્જનની કલમ ઉપાડતા હતા તેટલી જ સહજતાથી હાથલારી સાફ કરવાનું પોતું ઉપાડીને અહંકારનો ત્યાગ કરીને કર્યું છે. સુન્દરમે ક્યારેય પણ એમ વિચાર્યું નથી કે હું ગુજરાતનો મુર્ધન્ય કવિ છું. પરંતુ સુન્દરમે આ કાર્ય શ્રી માતાજીના બાળક તરીકે સ્વીકાર્યું છે. આ જ ઘટના દર્શાવે છે કે સુન્દરમ્ કેટલા સહજ છે.

શ્રી અરવિન્દ આશ્રમના નિવાસ દરમ્યાન શ્રી સુન્દરમ્‌ની કાવ્ય સર્જનની પ્રવૃત્તિ અટકી ન હતી, પરંતુ ઉચ્ચ ભૂમિકા ઉપર વિકસી હતી. સુન્દરમ્ આશ્રમના અંતેવાસી બન્યા તે પહેલાં તેમની કવિતા ઉચ્ચ માનવીય ગુણોથી તેમ જ દિવ્યગુણોથી મિશ્રિત હતી. પરંતુ શ્રી માતાજીની કૃપાથી આશ્રમના અંતેવાસી બન્યા બાદ સુન્દરમ્‌ની પ્રત્યેક કવિતામાં આપણને ફક્ત દિવ્યતાની જ અનુભૂતિ અનુભવાય છે. જે આપણે પ્રત્યેક શિબિરગાનની પ્રાર્થના અને શ્રી માતાજીના સાંનિધ્યમાં પુસ્તક ૧,૨,૩ દ્વારા અનુભવીએ છીએ. આ કાવ્યોના પઠન દ્વારા સાધકે પોતાની જાતનું મૂલ્યાંકન કરી પોતામાં રહેલી અભીપ્સા સમર્પણની ભાવના અને પરિત્યાગની ભાવના કેટલી વિકાસ પામેલી છે તે જાણી તેની દ્વારા સાધનામાં પ્રગતિ સાધે છે.

સુન્દરમ્‌નું વ્યક્તિત્વ સાધકના મનને આંજી નાખવાનું ન હતું. પરંતુ મનને માંજી નાંખનારું હતું. સુન્દરમ્ ક્યારેય પણ તેમની વાણીમાં કે વર્તનમાં

વરણાગીપણું આવવા દીધું નથી.


સહજ એટલે સાંસારિક મોહ અને દાર્શનિક (શાસ્ત્રીય) મોહ બન્નેથી મુક્ત. સાંસારિક મોહ એટલે કે શરીર, સગાસંબંધી, ધનસંપત્તિ પોતાના હોદ્દાનો મોહ વગેરે રાગોથી મુક્ત. શાસ્ત્રીય અથવા દાર્શનિક મોહ એટલે દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટદ્વૈત, દ્વૈતાદ્વૈત વગેરે મતભેદોમાં ફસાવું નહીં, પરંતુ તેનાથી પર થઈ જવું. સુન્દરમ્‌ના વ્યક્તિમાં આ બન્ને મોહમાંથી એક પણ મોહની અનુભૂતિ અનુભવાતી નથી.

જે રીતે હોડી નદીમાં એટલે કે પાણીમાં તરે છે અને પોતાનામાં પાણી દાખલ થવા દેતી નથી, કારણ કે જો હોડીમાં પાણી દાખલ થાય તો હોડી ડૂબી જાય. તે રીતે સુન્દરમ્ સંસારી લોકોની વાતો સાંભળતા હતા, સંસારી લોકોના સંપર્કમાં રહેતા હોવા છતાં સંસારને તેમના જીવનમાં દાખલ થવા દીધો નથી અને લોકોને પોતાના જીવન દ્વારા પ્રતિવાદિત કરી આપ્યું છે કે સંસારમાં રહીને કેવી રીતે સાધના કરવી અને પોતાની જીવનનૈયાને સાંસારિક અને દાર્શનિક મોહથી મુક્ત રાખીને જીવનનૈયાથી ભવસાગર કેવી રીતે પાર કરવાનો છે.

સહજ થવું એટલે ગમે તેવી વિકટ પરિસ્થિતિ આવે તે પરિસ્થિતિ પ્રભુની કૃપા છે તે સ્વીકારીને તેને અનુકૂળ જીવન જીવવું. સુન્દરમ્‌ના જીવનમાં એવા અનેક પ્રસંગો આવ્યા છે જેમાં તેમણે વિપરીત પરિસ્થિતિને માની કૃપા દ્વારા અનુકૂળ કરી છે. એથી જ કોઈ પણ વ્યક્તિ જ્યારે પણ સુન્દરમ્‌ના સંપર્કમાં આવતી ત્યારે તેને સુન્દરમ્‌ના સાંનિધ્યમાં શાંતિની અનુભૂતિ થતી હતી, જે સાધના કરવા માટે અગત્યનો ગુણ છે.

આવો આપણે સૌ સુન્દરમ્‌ની જેમ જ સાંસારિક અને દાર્શનિક મોહથી મુક્ત થવા પ્રભુકૃપાની અભીપ્સા સેવીએ એ જ છે સુન્દરમ્‌ને સાચી શ્રદ્ધાંજલિ.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ.....



# શ્રી અરવિંદ

In her he found a vastness like his own,
His high warm subtle ether he refound,
And moved in her as in his natural home.
In her he met his own eternity.

Sri Aurobindo (Savitri B-1, C-2, P-16)

## સાવિત્રી : પ્રભુનું પ્રતિબિંબ

ભાવાનુવાદ

અસીમતા પોતા તણી, તેણે સાવિત્રીમાં અનુભવી,
પોતાની નિર્મળ-ચેતના, જાણે તેણે ફરી મેળવી.
જાણે પોતાના નિજ-ગૃહે, તે તે દેહે આવી વસ્યો,
સનાતનતા પોતા તણી, પોતે જ અનુભવી રહ્યો.



## ઘુશ્મેશ્વરમ્

પ્રભુ જગરૂપ બન્યાં, પણ પોતાની ઓળખ ખોઈ,
એ દર્શાવવા વાત કહી, ચોપાટનો પ્રસંગ વણી.

જગન્માતાની કૃપાથી જ, પ્રભુની પ્રાપ્તિ થાય,
યોગમાયાની સહાયથી, પ્રભુનું દિલ જીતાય.

ઘુશ્માની વાત કહી, કર્માનુસાર સુખદુ:ખ,
એ વિવેક ધરીને સદા, સાધકે વર્તવું અનુરૂપ.

પ્રભુને આત્મનિવેદન કરો, સુખદુ:ખની બધી વાત,
એ માર્ગ ભક્ત તણો, શિવારાધનની નવી ભાત.

આંતરવદની તેને કહે, અથવા અંતરની વાત,
દિલ ખોલવું એ જ મુખ્ય છે, સાધનાનો છે એ ભાગ.

આમ, મન, પ્રાણને વાળજો, પ્રભુના ચરણો પ્રતિ,
એ સાધનાની યુક્તિ ગણી, કડાકૂટ વગર સાધના થતી.

ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો

સહજ સત્સંગ માસિક
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

પુસ્તકો
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત